
સામળભટના છપા.

સરવે સોખિલા સજનોને વાસ્તે



अमदावादमां

રીચીરોડ ઉપર કાજીહુસેનની પોળમાં પોતાના
મકાનમાં "સમશેર બાહાદુર" છાપ
ખાનામાં સવાઈભાઈ રાયચંદે
છાપી પ્રશીદ્ધ કર્યા.

સંવત ૧૯૪૪—સને ૧૮૮૭.

કીંમત રૂ૦-૨-૬

32010

સાંમળભટના છપા

પેટ વિશે છપા.

પેટ કરાવે વેઠ, પેટ વાજાં વજડાવે,
પેટ ઉપાડે ભાર, પેટ ગુણ સહુના ગાએ;
પેટ ભમે પરદેશ, પેટથી પાપ કરે છે;
પેટ કરાવે ઝાર, પેટ તો સત્ય હરે છે,
વળી છળ પ્રપંચ અધિક કરે પેટ કાજ નરકે; પડે
સામળ કહે સાચું માનજો, પેટપાપ નરને નડે; ૧

વિપ્ર પેટને કાજ, શાસ્ત્ર વાંચેને શિખે;
વિચારી વળી વિદેશ, ભણેલા થઇને ભાખે;
વણીક પેટને કાજ, ચઢીને વાંહાણ ચડે છે.
મજુરે ઉપાડે ભાર, ઘણા જન ઘાટ ઘડે છે
વળી કરે છે કાસદ કાસોદું, સાર કપાવી તસકર મરે;
કહે સામળ પેટને કારણે, કુળ આચાર સહુકો કરે; ૨

પેટ ચડાવે વાંસ, પેટથી નૃતક નાચે;
પેટ કાજ ગુણ ગાય, ઉંચ નીચાને જાચે;
પેટ કરે છળ કપટ, પેટ રણમાં રખડાવે;
પેટ કરે વિખવાદ, પેટ તો શીશ કઢાવે;
ચોરી ચાડીને ચાકરી, અધર્મ સહુ આ પેટનાં;
સામળભટ સાચું કહે, પ્રપંચ પાપી પેટના; ૩

ક્યાં બાઠકણને ધીર, ક્યા ગુણ હીણને જ્ઞાતા;
ક્યાં કરપણને કરણ, ક્યાં દંભીને દાતા;
ક્યાં રંકને રાય, ક્યાં અકરમી ઇંદર;
ક્યાં પાપી પુન્યવંત, ક્યા શંખ હીણને ચંદ્ર;

વળી આગુ પંડીત પંડીત કીયા, બેશી પારકે બારણે;
શામળ કહે માન ગમાવીઆ, કુડાં પેટને કારણે, ૪

ક્યાં હરીદ્ર દીવાન, ક્યાં કરૂપ રૂપાળા;
ક્યાં જુધીષ્ટર જોર; ક્યાં ભીક્ષક ભુપાળા;
ક્યાં બુદ્ધિ બળવંત. ક્યાં ઘોડાને ગધા;
ક્યાં કપુત સપુત, રામ લક્ષમણના જોડા,
નર નાર જારને સતી ક્યાં જાડે જેને વારણે:
શામળ કહે માન ગમાવીઆ, કુડાં પેટને કારણે. ૫

ક્યાં ઊંચને નીચ, ક્યાં રોગીને સાજા;
ક્યાં અબળાને સબળ; ક્યાં દુરબળને તાજા;
ક્યાં અજાણને જાણ; ક્યાં પથ્થરને હીરા;
ક્યાં આજા ગજરાજ, ક્યાં વૈરીને વીરા;
જુઠા બોલા સાચા કીયાં, નીચ બુદ્ધિ કરે નેટને
શામળ કહે માન ગમાવીયાં; પ્રપંચ પાપી પેટને, ૬

કોઇ ચળીને અચળ, કોઈ રંજીતને રંગા;
કોઇ રૂપ હીણ રતન, કોઇ ગંદાને ગંગા;
કોઇ મગનેણી નાર કોઇ વળી આંખે કાણી;
કોઇ ઘેલી દુખીએ, કોઇ રીજવાળી શાણી;
જે લપોડસંખ લેખા વિનાં. દક્ષાગુવંત વળી કહ્યાં;
શામળ કહે કવી કોવિદ પણ. પેટ તણે વશ સહુ રહ્યા. ૭

પેટ કરાવે પાપ. પેટ પરદેશજ કાઢે;
પેટજ કરે, પ્રપંચ, ચલાવે માર્ગ આડે;
પેટ પાખંડ, પેટ વગ વાંકે ડંડે;
પેટે સંકટ થાય. પેટ મેહેનતમાં મંડે.
સતી નારીને ગુણકા કરે શ્યા અવગુણ કહુ પેટના;
શામળ કહે શા અવગુણ કહુ. પ્રપંચ પાપી પેટના. ૮

જગત અન્ન આધાર, અન્ન દૈવત એ મોટું;
અન્નવણ ન રહે જીવ, અન્નવણ શરવે ખોટું;

દેવ દનુજ નરનાર, જીવે છે અન્નને જોરે;
અન્ન વિનાનું સરવ અતી અંધારૂ ઘોરે;
પાલણ પોષણ પૃથ્વી વિષે, કરતારે કૃત કુરણા;
શામળ કહે શેવો સહુ આદ્ય શક્તિ અન્ન પુર્ણા. ૯

શીતા રામ જે એજ એજ શ્રી રાધા ક્રસ્ન;
એ ઊંચ અને નીચ, પંડોતે કીધું પ્રસ્ન
એ રોહણીને ચંદ્ર, એજ માતા સાવીત્રી;
મંત્ર જંત્રને તંત્ર એજ ગુણનીધી ગીયત્રી,
અન્નપૂરણા સહુની ઇષ્ટ છે, બુદ્ધિવંત જન બુજશે;
શામળ કહે અન્ન આધારથી; સર્વ ડાહાપણ સુજશે ૧૦

જરવિશે છપા.

જરને વશ છે જગત, રાય પણ જરથી રીજે,
જુવતી જર વશ હોય; લાભ પણ જરથી લીજે
જર સજજન સનમાન, જરે જસવંત કહાવે;
જરથી પામે જોખ, સતી શુભ કુળની આવે;
જરનુજ જગતમાં જોર છે દુરીજન જરે નમે સહુ;
શામળ કહે જર જોરથી; બાપો એમ કહે બહુ; ૧

જર માતને તાત, જાત તે જરશાં જાણો;
ડાહાપણ છે દામ, અરાજાને રાણો;
સગાં સહોદર સરવ, દ્રવ્ય વણ જે વેપારી;
રંગને રૂપ અનુપ, દ્રવ્ય તે ધીરજ ધારી;
સહુ જગત છે જર થકી ગ્રથ માંહી ગુણ બહુ ઘણું;
શામળ કહે સ્વરગે સંચરે, જોર હોય જો જર તણું; ૨

વીપ્ર ભણે છે વેદ જઇ જરને તે જાચે,
સાધકને વળી સિદ્ધ રૂદે જરથી રાચે;
સુરા બાંધે શહસ્ત્ર; જર થકી તે કર જોડે;

આગી નામીને જરપતી જરને વશ વર્તિ રહે,
શામળ કહે સંસારમાં, દમડાને ડાહ્યો ક ૩

જરથી પામે જોખ, જરે ઇંદ્રાસન આણે;
જરથી જગત જીતાય, જર થકી મોટમ માણે
જરથકી લાખ કરોડ, હોડ હઠીલા હારે;
જરથી રાજ્ય શપાય, જરે ઝઝાને મારે
એમ જગત વશ્યછે, જરતણે, ચિતવે ગુણ ગણે;
જગદીશ ઇશ વશ તણે, શામળભટ સાચુ ભણે. ૪

ઘણો જેહ ઘર ગ્રસ્થ, રૂપ તેને રહેછે,
ઘણો જેહ ઘર ગ્રસ્થ, રેહે વશ તેને રાજા;
ઘણો જેહ ઘર ગ્રસ્થ, સુજશ બોલે ઝાજા;
જરતો છે ઇશ્વરથી અધિક, બુદ્ધિ નીધાંન પ્રાક્રમ બહુ
શામળ સેવક શ્રીમંતના, સત પ્રકારે શોભીત સહુ. ૫

જર વીના જે જોખ, શોખ તેતો નહી સાચો
જર વીણ તનમાં પ્રાણ, કહુ કરતુતે કાચો;
જર વીના જે રૂપ, દેહ રૂપાં કુડો
જર વીણ મંદીર માળ, ભામ રાખે તે બુડો;
જર વીણ ડાપણ છે જેટલું, તે ઘેલાપણ જાણવું.
શામળ કેહે ઘણી ચીજ તે, જગમાં જર પરમાણવું ૬

જરથી શોભે સરવ, વેદના જરથી વામે;
જરથી ઝીત ન્યાય, જરે મન વાંછીત પામે;
જરથી સગપણ સાથ, કરે જરથી સૌ કાજે,
જર ઓઢાવે હાથ જર થકી સરવે લાજે;
જર તરણાનો મેરૂ કરે, રાજ અપાવે રંકને;
કવી શામળ કહેછે જરથકી પામર લુટે રંકને ૭

ગાંઠે જેને ગરથ ભલી તે વિદ્યા ભણીઓ,
ગાંઠે જેને ગરથ રહે નહી કોઇનો રણીઓ
ગાંઠે જેને ગરથ તેજ પંડીત છે પુરો,

જેને ગાંઠે ગરથ, સામદછે સુરો.
વળી ગાંઠે જેને ગરથછે, માકમી પ્રમાણવો,
શામળ કહેછે સંસારમાં, જર વીણ મુરખ જાણવો. ૮

જર છે સૌને જીવ જર લે માહાસુખ માણી,
કરે પરાણે પ્રીત રંક રાજાને રાણી;
જર વશ બધું જગત, જરે જુવતિ વશ થાએ.
જર જંગલમાં મંગળ કરે; જુગતી સરવે જોગવે,
શામળ કહે ધનથી ધનપતિ, ભારે સુખ ભોગવે, ૯

ડહાપણ દમડા માંહિ, રહે દમડાની યારી,
દમડા માંહી રૂપ ભેદ દમડામાં ભારી;
જો દમડામાં જોર, રહે વશ થઇને રાજા.
દમડે ઊંચ અધીકાર, ગુણ દમડામાં ઝાઝા,
દમડો છે મોઘો હાથી વણ દમડે સહુ રાંકડા.
શામળ કહે દમડા તણાં ભાત ભત સહુ ભામણાં, ૧૦

જર દેખી જાણવંત ગુણને જ્ઞાન ગમાવે,
ધન દેખી ધનવંત, નીચને શીશ નમાવે,
સોનુ દેખી શ્રીમંત, કપટનું કામ કરેછે;
ગરથ દેખી ગુણવંત, હાથો હાથ ધરેછે,
રાજાની કે રાંકની નીરમળ કુળની નારીયો;
શામળ કહે સત્ય જાણજે, જર દેખી કરે જારીયો. ૧૧

સુર કપાવે શીશ, ચતુર ચાકરી કરાવે;
નાચેછે નૃત વંત, ગીત ગુણીજન થઇ ગાએ,
વિદ્યાવંત વીદેશ જાચવા કારણ જાગે.
જર ઊંપાડે ભાર કષ્ટ કાસદ સાહે કરે
જેજે ઉપાય અન્યાય જે બુધિ બગડે બારણે,
શામળ કહે શાણા શમજજો, જર કમાવા કારણે ૧૨

નીરધન બોલે સત્ય કહે જરવાળો જુઠી
નીરધન ગાણું ગાય, જાય જરવાળો ઉઠી,

હાહા કરે સઉ લોક વદે જરવાળો જુઠું,
રીધી ઊપર સહુ રાજી, રીધી પાખી સઉ ઉઠયું
ચઉદ વિધાની ચાતુરી, ગરથ સાથ વાશો રહે,
વળી કરમ ધરમને શરમ સઊ કરી શામળ જરનેકહે ૧૩

દાટયુ જેણે દ્રવ્ય શરવ અવત્તરીયા શાપે,
દાટયું જેણે દ્રવ્ય પીંડ નવ લીધો આપે;
દાટયુ જેણે દ્રવ્ય પાપમાં થયો જે ગરકે,
દાટયુ જેને દ્રવ્ય, નીચ તે પડીઓ નરકે
નવ ખાધુ ખરચ્યું વાવરયું દાન દઇ જસવંત લીયો
શામળ કહે શીર ભાર વડો મુઓ, દેવે તેને દંડીઓ ૧૪

જેમ ઘાંચીનો બળદ, રાત દીવસ તે ફરીઓ,
જેમ ગધો ગુણહીણ, ભાર અણ લેખે ભરીઓ
પાડો જેમ પખાલ, પુંઠ પણ પરખે પાણી,
વેઠ પકડો વીર, તરફડાને તેનાણી,
જર રળો રોજરાંકડો વેઠા, દુખ વધારીઓ,
શામળ ના ખાધો ખરચીયો, જીતી બાજી હારીયો, ૧૫

કુસંગ વિશે છપા.

કરે નીચનો સંગ, નીચની બુદ્ધિ આપે;
કરે નીચનો સંગ, સકળ સદગુણ ગમાવે;
કરે નીચનો સંગ, નીચની ભાષ ભાખે;
કરે નીચનો સંગ, નીચની રીતી રાખે,
વળી નીચ કામ નીચાં કરે, નીચ કેહેવાયે તીય જન;
શામળ કહે સંગત નીચની, કોઇ ન કરશો કોઇ દીન ૧

પંડીતે પંડીત પ્રીત, મુરખને મુરખ વાહાલા;
રૂડે રૂડી રીત, ચતુર ચતુરાઇનાં ચાળા;
શુભને વહાલો શુભ, વાહાલો દાતાને દાતા;

જારને વહાલો જાર, ગુણીજનને ગુણ જ્ઞાતા;
શુરાને વહાલા શુરનર, કાયરને કાયર ગમે;
જશવંત ગમે જશવંતને, શામળ રામ રૂદે રમે. ૨

મળે ઉંચને ઉંચ, મળે ભંગીને ભંગી;
મળે નીચને નીચ, મળે રાગીને રંગી;
મળે ભગતને ભગત, મળે પાપીને પાપી;
મળે જ્ઞાનીને જ્ઞાની, મળે જાચકને જાપી;
વળી વ્યસનીને વ્યસની મળે. મળતે મળતા ગુણ મળે;
જેમ લવણ મળે છે તક્રમાં, શામળ પય સાકર ભળે; ૩

મોત વિશે છપા.

કોઇ કહે આવ્યો તાવ, કોઇ કહે થયું કોગળીયું;
કોઇ કહે કરડયો નાગ, કોઇ કહે વાશી વળીયું
કોઇ કહે વાધ્યો રોગ. કોઇ કહે શાકુન્નજ વાગ્યું;
કોઇ કહે મારી મુઠ; કોઇ કહે પાપજ લાગ્યું;
ઇશ્વર માથે લેતો નથી, જગતમાં મહુામા જુઓ.
સામળ કહે શઉ સાંભળો; મોત આવ્યું તેથી મુઓ. ૧

પેસે આરણવ નીર, તીર ગંગાની બેસે;
ચડે જો પરવત મેર, કદી પાતાળે પેસે;
પરવત માંહી પ્રવેશ, કરે આપે એકાંતે;
ઓસડ અમૃત આહાર, ભમે ભલા બહુ;
અંતે કિંકર રાખે કંઇ કોટીધા, સંગ પ્રસંગ ઘણા કરે
શામળ કહે સઉ સાંભળો, મોત આવે નિશ્ચે મરે. ૨

માત તાતને મીત્ર, પુત્ર પરીવારજ પડઢા.
અલખત અપરમપાર ઘણા હસ્તીને ઘોડા,
સેવક શાથે શુર પરી પુરાણ પ્રતાપે,
બળવંતા બહુ છત્ર છાએ છત છાપે,

અધીકાર અચુંત લખ ઇંદ્રનો, કોંડવાર શું કહુ કથી,
પણ મોત થકી મુકાવવા, શામળ કોઇ સમરથનથી. ૩

નાઠે ન મુકે ભુપ, ઢુપ નાઠે નવ જાએ,
નાઠે ન મુકે ભોગ, રોગ નાઠે નવ થાએ;
નાઠે ન મુકે તાવ, પાપ નાઠે નવ છુટે,
નાઠે ન રહે લાજ, ચોરકે હાકમ લુટે:
કદી નાઠે મોત મુકે નહી, પોંછશે ત્યાંથી પાસછે;
કવી શામળભટ સાચુ કહે, નામ સરવનો નાશછે. ૪

જે જોયુ તે જાય,, જેહ ફાલ્યુ તે ખરશે,
ભર્યું તે ઠલવાય, ચડયું તે ઉતરશે,
લીલુ તે શુકાય નવુ તે જુનુ થાશે,
આરદા વશ શરવ કાળ સઉકોને ખાશે;
જો કીનર જક્ષને રાક્ષશો, દેવ ગાંધ્રવ દાનવી,
ગધર્વાદિકપણ મોતે મરે, કોણ વસાતમાં માનવી;

રૂધીર માંસને હાડ, શરીર તેનુ બંધાયું,
નસો ચામ નખ લાલ સંગ લઇ સાંધા મેલ્યા,
પંચભુતના ભાગ લાગ રમવાને મેલ્યા;
મમતા માયા હંકાર આતી, ચતુરાઇ કેઇ વાતો; ૫
શામળ જગ પટપોટા જ્યાં કહો ગરવ તેમાં કશો

મારૂ મારૂ કરે મુઢ, કારમી કાયા માયા;
અજ્ઞાની આકરા અંધ હઇ ધંધે ધાયા;
આ મારૂ ઘરસુત પુત્ર મારો પરણાવું;
ઘડપણ પાળે મને આ જ ભણી ભાત ભણાવું.
પણ દીપક વશ છે વાયુને કાચો કુંપો કાચનો:
શામળ કહે મુઢ મમતા કરે; તેવા શરીર અચાસનો;

ચીરંજીવી નહી કોઇ, ગયા મનધાંતા મહીપત;
ચીરંજીવી નહી કેઇ ગયા નહી અગણીત;
ચીરંજીવી નહી કોઇ, ગયા અધીકારી ઈંદ્ર;

ચીરંજીવી નહી કોઇ ગયા શુરજને ચંદ્ર
વળી ગયા રામને રાવણ, ગયા દેવને દાનવી;
સતવાદી સલક્ષણા ગયા કોણ માત્રમાં માનવી;
કોઇ આજ કોઇ કાલ, કોઇ માસ છમાસે;
કોઇ વરસે દશ બાર, કોઇ પચીસ પચાશે
કોઇ સાઠ શીતેર; કોઇ પુણોસો એંશી
જે જાયુ તે જાય નથી રેવાનુ બેસી;
જે નામ તેનો નાશ છે ધરમજ એવો ધારવો;
વવી સામળ કહે મુરખ કરે, ગંદી દેહનો ગારવો.

ઘડી પલક કે પોહોર; સાંજ શવાર કે વાહાણું
એ દીપક ઓલાય, ન આવે સાથે નાણું;
રહે ઘરમાં કે ગામ દેશ પરદેશે પડશે;
જળ પરપોટો જેમ એક દીન નશાય નડશે;
રાખી કોઇની રેહેસે નહી, દીવસ નકી નહી દેહનો;
શામળ કહે કાચો કુંભ છે, શો ભરોંશો તેહનો ૬૦

સ્ત્રીના અવગુણવિશે છપા.

નારી નીચ સ્વભાવ, અજીત નવ જાએ હારી;
પર પુરષોશું લગન, મરદને નાંખે મારી;
વીહવળ ચીત મન મગ્ન, રૂદન કરતી વણ વાંકે;
સાચી કોઇ ન દીઠે જુઠ, અતી આડે આંકે
શીખામણ તેની સાંભળી મનમાં તુરત ન માનીએ;
શામળ કહે કદી શાણીઘાણી, પણ પ્રેમદાની મતી પાનીયે

સ્ત્રી ચરીત્ર બહુ લાખ નીચ મતી જુઠનેજાડે;
લાખદીવસની પ્રીત, રીત રજકમાં તોડે;
હસે વીના પસ્તાવ અવ હીરણ ભલપન છંડે
કઠણ રૂદય વળી કુમતી, મમત પોતાનો મંડે;

વળી ગરજ પડે ગરવી ઘણી સ્વામી સાથ સમ્રથ સદા
વળી સેહેજ વાતમાં, આપદાએ કલંક વાત કહે કદા. ૨

સ્ત્રી વશ મહાદેવ પતની આગળ નવ ચાલે,
સ્ત્રી સુરજ અને ચંદ્ર, ઈંદ્ર તરૂણી વશ જ્યારે;
સ્ત્રી વશ રૂડા રામ સ્ત્રી વશ મુનીવર છે મોટા,
સ્ત્રી વશ સઘળી સૃષ્ટી, છેક મોટાને છોટા.
વશ વર્તે સહુ તે તણે, જુવાના જ્યારે ઘણી,
કવિ શામળ કહે અદ્ભૂત, તરતાળ તરૂણી તણી

ઘડીમાં આપે સુખ ઘડીમાં દુખ દેખાડે,
ઘડીમાં આપે ચગણ, ઘડીમાં મરણ પમાડે,
ઘડીમાં ભોળવી લીયે; ઘડીમાં સરવશ આપે
ઘડી એકમાં કહે વીર, કંથ ઘડી એકમાં કરી થાપે
વળી ઘડી એકમાં વીખ દીયે, પરણ્યા તજી પરવરે;
કવિ શામળભટ સાચુ કહે બુધ્ધી હીણી તે કેમ બીહે. ૪

સ્ત્રીના વાંક હજાર, તોય તેને નવ હણવી;
સતી શીરોમણી શુધ, તોય જસ હીણી જારી;
હઇડે અધિક હેત તોય તે નાખે મારી;
નારી અવગુણ ગણવો નહી, ચતુરા નિશ્ચે ચુકવી;
શામળ કહે હણવી નહી, માનુનીની છાતી મુકવી. ૫

ઊંચ તણી અર્ધાંગ, નીચ નીચાને નીહાળે;
ડંસ રાખે દિલ માંહે, વેર કાંક દિન વાળે;
પાપથી ન બીએ પલક, બાપના પરીયા બોળે;
પોતે હોય પાંસરી. તરૂણી તો પરવત તોળે;
હઠ કરતી સાઠ હઠે નહી, પુત્ર પતી મા બાપની;
કામની કલંક ભારે ખરો, સામળ મારતર છાપની. ૬

કલીતાને નહી લાજ, સત્ય તેને નવ સુજે;
કરે ન રૂડુ કાજ, પ્રભુને તે નવ પુજે;
સામાને નહી સરમ ધરમ કે ધ્યાંન નર ધારે;

નારીને નહી જ્ઞાન, હોડ કરતી નર હારે.
કામની આંખે દેખે નહી, જાણે નહી દીન જામની;
શામળ કહે સુજ પડે નહી, કામાતુર એ કામની: ૭

નારી તેનો છે નીચ, તે ન રહે પોતાને ધામે.
નારી તેનો છે નીચ, કલંક ચડાવે કામે.
નારી તેનો છે નીચ, પતીવરતપણું નવ પીછે;
નારી તેનો છે નીચ, અન્ય નરને જે ઇછે.
નીચમાં નીચ જે નારીઓ, પર નર સાથે પ્રીતડી.
સામળ કહે નારી સમસ્તને રૂડી નહી [illegible] રીતડી. ૮

રણમાં ઝુજે રહી, વાઘ સાથે બાથ ઘાલે,
હસ્તી દંતને હાથ, ઝડપથી મરડી ઝાલે;
ચડે મેરૂ ગીરી માંહી, સીંધને શીશ જઇ બેસે;
મણીધર માણી મરોડ, હોડ અરણ્ય જઇ પેસે,
વળી અગમ નીગમ લક્ષણ લહે ત્રીલોકમાં [illegible] ટકે
શામળ કહે શોધી જુવો. સ્ત્રીને [illegible] નવ શકે. ૯

રીપુને રાખે શરણ, મીત્રને મરડી મારે;
કુળહીણો કે કપુત જીવતો તેનો જમ જાણે.
દાનાં દિલ દરીઆવ, તેના અવગુણ દિલ આણે.
મુરખ કે રાજા મહીપતી, સ્ત્રી શું વાત કરે છે નીચે.
સામળ કહે સ્ત્રી હોય સાધવી, પુરાણ બુદ્ધિ પાણ પાનીચે ૧૦

પંડીત કેરી નાર, મુરખ સાથે જઇ માણે,
કુળવંતી જે નાર, નીચ પુરૂષ પ્રાણ,
નરપતીની જુવતી, વાણોતર સાથ વળુંભે.
નરપત કેરી નાર, ગમાર ગોલાશું ગભે.
સુરા કેરી સુંદરી, કાયરને કાયર દાખે.
સામળ સ્વભાવ સામા તણો, બુદ્ધિ હીણતે કેમ બીએ.

સ્ત્રીના પેટમાં વાત છેકતો ન રહે છાની.
કરે જડ બધું ગામ, હોય જો મનની માની.

સ્ત્રીને છાની વાત કરે તે મુરખ માનો.
સ્ત્રીને છાની વાત, એ શાણા શીખાણો,
સ્ત્રી આગળ છાની વાત તે જગ બધે જાહેર થશે,
સામળ સ્ત્રી વાંકરીઆ થકી, અનરથ વધતો વાધશે

ઇંદ્ર અહલ્યા નાર, ભોગવી ભરે ભુપે.
શીવજી જેવો અનરથ, રીઝ્યો ભાસડાને રૂપે.
પારાસુર પુન્યવંત, મુના મછગધા માણી.
ચંદ્ર શરજો ચતુર, ભુલ્યો બેરાગું જાણી,
હરીહર રાજા રાજેંદ્ર, પણ મેનદા દેખી બહુ પીડયા;

શતી સીતા સ્વરૂપ રણે રાવણ રોળાયો,
દંપતી દેવી દયાળી, કઉરવ કુળ નાશ કરાવ્યો;
રૂડી રેણુકા રૂપ. ઠીક નહીં બુધ્ધી ઠરાતી
નક્ષત્રી આવની એહ, નાર અકવીસ કરાવી
કઇચાકચક સાથી મુવા હોડ કોડ સહુ હીયા
શામળ શુરા પુર સહુ, માનનિએ ત મારીયા. ૧૪

એવા લાખ કરોડ, કુળવંતીને મળીયા,
કઇચાકચક શત ભ્રાત એક ચીતામાં બળીયા
કુશ્ન જગત કરતાર, જુઓ કુબજાને વરીયા,
કપટી બાળો કામ જગત તેમાં શા કરીયા,
ભામનીએ સઉને ભોળવ્યા દેવ મુની ને દાનવી,
સામળ કહે જીયા જુવતીએ, તો કોણ માત્રમાં માનવી

જુવંતી જીત્યો જેહ તેહ જોખમમાં જાણો
જુવતી જીત્યો જેહ તેહ મુરખ પરમાણો;
જુવતી જીત્યો જેહ, કરે નહો શુકીત કેડે,
જુવતી જીત્યો જેહ, હારી બેઠો ને હોડે,.
જન જે જુવતીએ જીતીઓ ગણતરીમાંથી તે ગઓ,
સામળ કહે શામા જીત નર તરણાથી હલકો થઓ.૧૬

મંદીર જાતાં રોય લુટારા જેને લુટે,

મંદીર જાતાં રોય, રાય જે ઉપર રૂઠે,
મંદીર જાતાંરોય ઘેર જો નાર કુનારી'
મંદીર જાતાં રોય, જેહુ શીર રાણુ બહૂ ભારી;
મંદીર જાત્તાં તે રૂવે. જે નર હોય કુલક્ષાણા,
શામળ કહે મંદીર જાતાં, પામે સુખ સલક્ષણા. ૧૩

નારી વશ જે નાવ, તેની બુધ્ધિતું બીકુ;
નારી વશ જે નાવ, તે ભુંડામાં ભુડુ;
નારી વશ જે નાવ, રાય પણ રંક સરીખો;
નારી વશ જે નાવ, પુરૂષ પણ પશુ સરીખો;
નારી વશ જે નાવલો, દુખીઓ દીસે દેહનો;
શામળ કહે જીત્યો સુંદરી, અફળ જન્મ તો એહને. ૧

મુરખનો સરદાર જે ધન જુગટે ખુવે;
મુરખનો સરદાર, પરાયુ પજ ધુવે;
મુરખનો સરદાર વડાશુ વેરજ બાંધે;
મુરખનો સરદાર, ભુતનું સાધન સાધે;
જન મુરખનો સરદાર જે, પ્રભુ ભજતાં આળસ કરે;
શામળ કહે મહીપતી મુરખનો, નારી નેહ રૂદે ધરે, ૧૯

કામનીને વશ કંથ, તોલ પણ ન રહે તેનો;
કામનીને વશ કંથ, જગતમાં જશ નહી જેનો;
કામનીને વશ કંથ, મુન્યની પેર ન પ્રીછે;
કામનીને વશ કંથ, ઉપાશાન એક ન ઇચ્છે,
કામની વશ જે કંથડો, પ્રતીત તેની નવ પડે;
શામળ કહેછે સત્ય માનજો, જશ તેને તો નવ જડે. ૨૦

સ્ત્રીના ગુણ વિશે.

માલે કામની કંથ, પ્રથમતો લજ્યા પાળે;
માલે કામની કંથ નેણ તે નીચા ઢાળે;
માલે કામની કંથ સ્નેહનાં વાયક સુજે;

આવે કામની કંથ; જોર જોબનનું ગુજે,
જ્યાં મળે કંથને કામની, હાવ ભાવ મનમાં ભરે;
પકડે તે તરૂણી તોલ ત્યાં, શામળ કહે સોળા ધરે. ૧

નારી વીના નર રંક, સંક રાખે નહી કોઈ;
નારી વીના નર ચોર, જોર જર બેસે ખોઈ;
નારી વીના નર નીરબળ, સબળ રાખે નહી સંગ;
નારી વીના નર દીન હીન, સુખ એકલ સંગે;
ચતુરાં વીણુતો ચાલે નહી ,જગત માંહી રહે જાહરે;
શામળ કહે છે સામા કશી, તને જગતતો જાહરે; ૨

રાખે કંથની રીજ, કામ કરવા દીલદાશી;
પીઉ વર કામ મધાન હોય મધુરી મુખે હાંશી;
કંદ્રપ વેલા કામ, ખરે ખર રાંઝવે ખાંતે;
સેલી સેવા માંહી, ઘણી રૂપાળી ઘાટે;
પતીવરતાપણું પાળે ઘણું નર ઉપર દીલ નેહનું.
કવી શાંમળ કહે સોધી મળે તરૂણી નામજ તેહનું ૩

નારી જેનું નામ, કરે સ્વામીની શેવા;
નારી જેનું નામ, દોલથી જાણે દેવા;
નારી જેનું નામ સુખ દુખ ઘટતાં લહીયાં
નારી જેનું નામ, સ્વામીના અવગુણ સહીયાં
વળી નારી જે નગી ચાલશે, નારી સફળ ફળે ફળે;
જીવે તારે જસ છતી લીએ; અંતકાળ બાંહે બળે; ૪

નારી દેખી નર લાખ, ભોળવાણા કંઈ ભટકયા;
જોગીએ મુકયા જોગ, કંઈક સન્યાશી અટકયા;
શીધાંતની શીધાઇ, બ્રમચારી કંઇ ભમીયા;
પંડીતજી પુરાણ રંગ રામાસુ રમીયા;
વળી વ્રતમુકયાં કઇ વરતીએ વજોઓ વેશ વેરાગીએ
સહુ આ સુખમાં વહી ગયા તરૂણી ન તજી ત્યાગીએ

પશુ ચરેછે તરણ રહેછે રણમાં રમતા;
નરનારીની જોડ, ભલા તે સાથે ભમતા;
ઉડે પંખી આકાશ જુવો તેનું પણ જોડું;
કોણ ઊંચકે નીચ; ગધેડું કે કયાં ઘોડું;
સુર અસુર નાગ કીતર વીખે; દેવી નાગણ દાનવી;
મનગરદ કરયા છે મેળીએ, કોણ માત્રમાં માનવી. ૬

નારી વીના નર રંકને, દામણો દીસે દેહ;
નારી વીના નર રંક દીસે ગુણ હીણો દેહ;
નારી વીના નર રંક, નહી ધન ધીરે કેઇ,
નારી વીના નર રંક, હરી પુજન નવ હોઇ
નીરબળ છે નર નારી વીના; ભોગ કશા ન ભોગવે;
અવગુણ અદકાં અચ્યુતે જુવંતી વણ નર જોગવે. ૭

એક નમેરી નાર, ભોગવે પીડને ભ્રાંતે;
એક કરેછે જાર, ખાર રાખે દીવ ખાંતે;
વળી એક દીએ વીખ દુખે દાવાદળ વાધે;
એક કરે અન્યાય અનમીતો કરે પરાજા;
પણ સુંદર નાર સલક્ષણી તારણ તરણ શાંકેલ રૂસે;
તે શામળ કહે સંસારના, મહીલામાં ભાગે ભલે. ૮

નારી નરનું અંગ, સુખ કરે સેવા;
ભજે પુન્યમાં ભાગ્ય, ભાભા જશ ભાખો શેવા;
સામાથી સંતાન, ધરમ ધુરી તે ધારે;
પ્રગટે પુત્ર શપુત્ર, કુલ ઇકોતેર તારે;
કુળવંત મળે જો કામની, સ્વામીને સુખ દીએ સતી;
એમ વીચારદેખી પથી, પુન્યવંત તેનો પતી. ૯

માન્યુની મોટે મુખ ગાહા. માયા [illegible] મોટી;
જીતવા ઇચ્છે જેહ, તેહની ખાંતજ ખોટી.
સ્વરગ મ્રત્યુ પાતાળ, વેદ ભારથ જે ભાણીયા,
ઊંચ નીચને અમીર, સરવ જુવંતાએ જણીઆ;

સ્ત્રી જાત રત્નની ખાણ છે, મોટી પુરૂષથી પિછજો;
સહુ શાસ્ત્ર સાખ શાગળ કહે અંતરમાં સહુ ઇચ્છજો.
નીરમળ મનની નાર, સ્વામીને સ્વર્ગ પમાડે;
જાતાં જોબનના માંહી, રીઝથી રંગ રમાડે;
ઢાંકે કુળ કલંક, સરસ ચલાવે ઘરસુત્ર;
વધે તેહુથી વંશ, પ્રસવે પુત્ર શપુત્ર;
પણી હોય સતી સુભ સાત્રવી પુન્યવંતી તે પારખી;
છે નીચજાત કોઇક નાર્યો, સ્વભાવે નહી સરખી.

કન્યા ગમે તેવા વરને વરે છે તે વિશે ભીક્ષક ને રાજકન્યાનો સંવાદ.

મારે માગતી ભીખ શદા વ્રત તુતો આપે;
હું જાચુ જન નીચ, કષ્ટ તું કઇના કાપે;
હું ખાઉ તાંદ રાબ, તુંતો સઊને ભાવે;
મારે છીરણ વસ્ત્ર, તુંતો પટકુળ ઓપાવે;
વળી હુતો કરૂંછુ કાસીદુ, તુ મેઠી સુખ પાલે ચડે;
ફટ ફટરે ઘેલી ગોરડી, કીમ ગરીબને કેમ વરે. ૧
જેમ બીબુને ભાત છઠો અક્ષર જયમ છપે;
જેમ અરવ મરજાદ, વજન તોલા મન માપે;
રાત દીવસ જે રીત, જેમ વાદળને તડકો;
જેમ પવન આકાશ, ઘડી પાણીવલ પલકો;
આવરદા આખી શૃષ્ટીની. સુખ દુખ ટાળ્યા નવ ટળે;
હું ભામનીને ભરથાર, તુ નાહે મારગ નહી મળે,
નઇ નરેશ, ગમ્યોન પ્રતાપોક પુરો,
ગમ્યોનાટરંગી કોઇ, ગમ્યો નહી રંગ દ

ન ગમ્યો કોઇ વાણીક, ગમ્યો નહી નવતમ નાગર;
દાતા કે દેશાઇ, ગમ્યો નહી સુમતી સાગર;
કોઇ નવ ગમ્યો ગામ ગરાશીઓ, નગમ્યો મેહેવાશી તને;

પ્રધાન પાટવીપર હરી, ભાળી કાઢો તે મને.

ઘડા જેવડું તન છેક રહેશે કેમ છાનું;
તમો કહો પ્રતી બોલ, તેહ હુતો કેમ માનુ.
તગ માટે મુજ જીવ, જરૂર જોતામાં જાએ;
તારે શીર કલંક, દેશમાં દખો થાએ,
જો મુજને હોય મરાવવો, પરવશ પડવું હોય તારૂરે,
શામળ કહે હાણ બીજુ હસુ, જુગમાં કરવું હોય જારૂરે. ૪
ઇશ્વર કેરો આણ, નામ લેવાં દઊં તારૂ
તરૂ પડે જયાં થુક, મળે રૂધીર જયાં મારૂ;
કુદ્રષ્ટી તુજને જુવે, ચક્ષુ બે તેનાં કાઢું;
વઢે નવ દીએ દુખ વેંધી તેનું શીર વાઢું;
જો કદાપી જીવ જોખમ થસે, ભકતી તારામાં હું ભળુ;
શામળ કહે હાજર છતા, શરીર તુજ સાથે બળુ. ૫

શમા ન જુવે રૂપ, જુવે નહી કુળ કે કાયા;
માનની ન જુવે ભુપ, મળે જયાં મનની માયા;
જુવતી ન જુવે જાત, ન જુવે પંડીત પુરે;
ન જુવે ઊચ અમીર, તથા સતવાદી સુરે;
કામની તો કામાતુર જુવે, કેમ ન માને કામની;
વળી જયાં ઘડીમાં જાય વીસરી; ભુડો હોય જે ભામની.
રૂડી રાજ કુમારી, હીંચે હીંડોળા ખાટે;
પરીમલ પુષ્પા પાન; પોઢની પલંગ પાટે;
સજે સોળ શણગાર, ઝવેરે જુક્ત જડાવે;
ખમા ખમા કહે ખલક, લક્ષધા લાડ લડાવે;
તેવી તરૂણીનું તો જુઓ, વિપ્ર સાથ મનડું વંચ્યું;
ભીક્ષા માગી ભોજન જમે, કહે શામળ કારણ કશુ.
લંબી કામનીની કેદ, વગર મોતે તે મારે;
લંબી કામનીની કેડ, હરખ હીતતે હરદે હરશે,
લે કામનીની કેડ, જીવ જર જસ તે જાસે

દુખ દેશે દંઠાવશે, મરશે કે તે મારશે;
જે કેડ કામનીની લહે, શામળ હોડે હારસે. ૮

સુરા પીએ જે નાર, જુવે વનવાડીને ઘર;
સરોવર જાત્રમાં નિત, જાઅ તેડું સાથે પરઘર,
વહાલા અતી વાજીંત્ર, ગાન ઊંપર દીલ દોડે,
અતી ચપળાઇ ચીત. હાસ અતી માણે મોઢે,
અતી લોભીને અતી આલસ્યુ, અતી નીસંક પરઘર અડે;
શામળ કહે કુળ શુધ કામની, એ લક્ષણથી ગુણ ઘટે. ૯

પર સ્ત્રી વિશે.

પરનારીશું પ્રીત; દેહમાં દુખ ઘણેરૂ;
પરનારીશું પ્રીત, થાય અધ અતી અનેરૂ
પરનારીસું પ્રીત, ખરો મનમાં ક્ષય રોગ;
પરનારીશું પ્રીત, ભાગ્ય હીણના ભોગ;
પરનારી સાથે પ્રીત છે, પડીઓ પાપ પ્રસંગમાં:
કવી શામળભટ સાચુ કહે, ઊચાટ ઊપજે અંગમાં ૧

પરનારીશું પ્રીત, તેને ભોજન નવ ભાવે,
પરનારીશું પ્રીત, બુધ નવ સારી આવે;
પરનારીશું પ્રીત, હરી શોભા નવ સુજે,
પરનારીશું પ્રીત, બુધી સારી નવ બુજે;
એ પાપરૂપ પરનાર તે, અપજસ ઉપજે આપના,
શામળ પ્રીતી પરનારશું, બોળે બોતેર બાપના. ૨

પરનારીશું પ્રીત નવેગ્રહ તેને રૂઠયા,
પરનારીશું પ્રીત અગ્નિ વરસાદજ વુઠયા,
પરનારીશું પ્રીત, પનોતી લોહની હોએ,
પરનારીશું પ્રીત, જરૂર નર નરકે જાએ,
પરનારી કેરી પ્રીતથી અગ્નિ આંચ નીતનીત ખમે,
શામળ કહે સાચુ માનજો, ગુણવંતાને નવ ગમે. ૩

આગની આગળ ઘરત, કરત ઉકળે તે તાપે.
માન્યુનો આગળ મરદ, રહે કેમ આપો આપે,
તસકર આગળ દ્રવ્ય. કરો કેમ દીઠું મુકે.
તેતર બાજની પાસ, ચોટ કરતાં નવ ચુકે;
લોભી આગળ લક્ષમી અને, જુવતી પાસ નર જે હશે,
કવી શામળ કહે સોબત મળે. જરૂર લાજ તેની જશે, ૪

અગ્નિ આગળ દુધ ઊકળતાં વાર ન લાગે,
દારૂને દેવતાય, મલે ભડકો થઇ ભાગે,
તરૂણી ઊગ્યા તીમર, તરત નીરખતાં નાસે,
તડકો પડતા ટાઢ. પડેલો ન રહે પાસે,
પ્રમદાની આગળ તેમ, પુરૂષ એકાંતે એમ મળે.
શામળ કહે જો સત, દાખો તોય લુણ જળમાં ગળે ૫

સો કાયર એક સુર, નાસતાં તે પણ નાસે,
જેને સંગતી જુઠ જુઠનો બેસે પાસે,
કાજળ કોટડી માંહ, પ્રવીણ પુરો થઇ પેસે,
રાખે શુભ સંભાળ, ડાઘ તેને પણ બેસે.
પ્રેમદા સંગે પુરૂષ તે, કામ વીવશ થાએ સહી.
શામળ કહે સજન પુરૂષનો, સ્ત્રી પાસે વરો નહી. ૬

શીવ સરખા શામરથ. ભોળવ્યા ભીલડી રાણી,
ઈંદ્ર અહલ્યા નાર. ગયો જયાંછે ગોરાણી,
કામને સંગે કોટીધા, પવીત્ર થવા કુપાત્ર છે;
શામળ કહે શાંના આગળે, માનવી તે કુણ માત્ર છે. ૭

પર સ્ત્રીથી સુખ હાણ, પર સ્ત્રી સંગે પાપ;
પર સ્ત્રી નરકની ખાણ, ત્રીવીધ ઉપજે તાપ;
પર સ્ત્રી સંગત પ્રભુ દુર, પર સ્ત્રી ગુણ ઘટાવે;
તે તાતી તરવાર, કોઇ દિન શીશ કપાવે;
પર નારીને જે પરહરે, તે ડાહ્યા કહેવાય છે;
શામળ પરનારીની પ્રીતથી, જીવતું જોખમ થાય છે. ૮

પર સ્ત્રી પાપનું મુળ, બીજ છે ઝેરજ કેરૂં;
પર સ્ત્રી શોકનું સદન, પર સ્ત્રી દુખ અનેરૂં;
પર સ્ત્રી રૂવે રૂવે રોગ, પર સ્ત્રી જાર વાત જાગે;
પરનારી પંડે ફરનાર તે, પર સ્ત્રી છે રાક્ષશી;
શામળ પરનારી સંગથી, નથી બેઠા નર કોઇ ડરી. ૯
પરનારી શુ સ્નેહ, પુરો નર તે તો પાપી;
પરનારી શું સ્નેહ, સદા તે શીલનો શાપી;
પરનારી શું સ્નેહ, રામ તેને તો રૂઠયો:
પરનારી શું સ્નેહ, તેહનો દાહાડો ઉઠયો.
પરનારી સાથ સ્નેહ તો, દુખ ડુંગર ઢોળ્યા સહ્યા;
શામળ કહે સુખ સ્વપ્ને નહીં, ફરી વીકટ મોંએ કર્યા ૧૦
પરનારીશું પ્રીત, કાળ સમુદ્રમાં કહાવ્યો;
પરનારી શું પ્રીત, એજ ઘેર અપજશ આવ્યો;
પરનારી શું પ્રીત, દહ તેની તો દહાએ.
પરનારી શું પ્રીત, પનોતો બેહુની હોએ;
દાવાદ્રગ બળે ઘણું, પડે કષ્ટ ગરકમાંન
શામળ પ્રીત પરનારની, એતો નાંખે ઝેરકમાં. ૧૧
પરનારી શું પ્રીત, કામ સારૂ નવ સુ;
પરનારી શું પ્રીત, પ્રભુને તે નવ પુજો
પરનારી શું પ્રીત, ધરમ તે તો નવ ધરે;
પરનારી શું પ્રીત, હોડમાં તે તો હારે;
અપજસ આગુલેખે એહનો, અહકાર આવ્યા ઘણો;
શામળ કહે સુખ પરવારીયું, પ્યાર થયો પર સ્ત્રી તણો. ૧૨
પરનારી શું પ્રીત, પડ પરવશ છે તેનો;
પરનારી શું પ્રીત, જનમ જોખમમાં તેનો;
પરનારી શું પ્રીત, રીત તેની નહીં રૂડી;
પરનારી શું પ્રીત, બુધી તેના તો બુડી;
પરનારી પાળીસર્યાં, કાયારોગ એ કારમો;
શામળ કહે પરસ્ત્રી વશ જે પડયો, તેવે ચંદ્રમા બારમે ૧

પરનારી શું પ્રીત, આખ્રત તેને તો એઠી;
પરનારી શું પ્રીત, દસા શહુની બેઠી;
પરનારી શું પ્રીત, પીચાશની પીડા સહીએ;
પરનારી શું પ્રીત, વીઘન ત્યાં કોટીક કહીએ;
પરનારી કેરી પ્રીતથી, ગયો તેના ગરકમાં;
કવી શામળભટ સાચુ કહે, નીશ્ચે જાશે નરકમાં. ૧૪

પરનારી શું પ્રીત, લોકમાં લજ્યા જાગે;
પરનારી શુ પ્રીત, લક્ષ્મા લુટી લોએ રાચે;
પરનારી શુ પ્રીત, બાપની લાજજ બુડે;
પરનારી શું પ્રીત, સત્યની વાત ન સુજે;
નહી રામ-હૃદય ધરે, પીછે નહીં જ્યાં પુન્યમાં;
શામળ પર સ્ત્રીની પ્રીતથી, શબ્દાત હોડે સુન્યમાં. ૧૫

પ્રીત વીના પરનાર, સ્નેહ ન કરે તે સાથે;
પ્રીત વીના પરનાર. હોડથી ન આવે હાથે
પ્રીત વિના પરનાર, જોરે કોઇ નવ જીતે;
પ્રીત વીના પરનાર, છત્રપતી છે પણ છાતે,
વળી પ્રીત વીના પરનારી, તે વંશ વસ્તી થાએ નહી,
શામળ સંપુણ સ્નેથી, સામા વશ થાએ નહી, ૧૬

છાનો ન રહે છીદ્ર રહે નહી છાંની ચાડી,
છાનું ન રહે પાપ. અકલ ફેલાવે આડી,
છાનો ન રહે મોહ રહે નહી છાની રેણી,
રેહે નહી છાનું પ્રભાત, તથા કીરતી કે કેણી.
છાની ન રહે વિદ્યા ભણી, સુગંધી છાની નવ રહે,
તેમ પ્રીત છાની પરનારશું, છાની ન રહે શામળ કહે,૧૭

જુવાનીના જોર વિશે.

જેને જુવાની જોર, પુન્યની વાત ન પીછે,
જેને જુવાની જોર, ઇશ અસરત નહી ઇચ્છે,

જેને જુવાની જોર પર અસ્ત્રી ઉપર પ્રીતી,
જેને જુવાનો જોર. રૂડી નવ રાખે રીતી,
છે જોર જુવાની જેહુને અંધને આડે આંક છે,
શામળ કહે સુણ ચતુરનર. પણ બુધીના શા વાંકછે. ૧

હસ્તી જોબન ન હોય જ્યારે મદમાનો માહાલે,
અશ્વનું જોબન હોય મસાલા જયાં ચરી ચાલે,
ભેંસનું જોબન હોય, ભલો જયાં ભાદરવો;
નારનું જોબન હોય પુત્ર દોલત તન નરવો
રાજાનું જોબન રાજ્યછે પરી પુણિ સમરથપણું,
કામની જોબન કંથ છે શામળ કહે શું કહું ઘણું. ૨

કોઇ જોબન જસવંત ભાગ્યશાળી થઇ ભમીઓ.
કોઇ જોબન જરકાજ જુડુ ફેરવાં નવ જોયું.
કોઇ જોબન જસ લીધ, ધરમ કરી પાપજ ધોયું;
કોઇ જોબનમાં જીતી ગયા, હરામી હોડ હારી ગયા.
જોબનમાં તે જીવતા રહયા, કંઇ માયાએ મરીયા. ૩

કોઇ જોબનનું જોર, જગતમાં બનીયા જોગી,
અડસઠ તીરથ અટન ભાવ ભવ પુરે ભોગી.
કોઇ જોબનને જોર પ્રસાંધ પામ્યા પ્રાણી,
કોઇ જોબનને જોર, ભણ્યા વિદ્યાને વાણી,
રસવાંતીજે સત્ય અસત્ય ભુંડું ભુંડું, જોબનમાં સ્થિર થાયછે,
શામળ કહે જોબન જોરમાં, વેગે જન વહી જાયછે. ૪

રમઝમ કરતી રંભ રહે પાળીને પોષી,
થયાં શીથળ ગુણ ગાત્ર દેશ કહેશે ડોસી,
હતું જોબનનુ જોર, જાર ગુણ તેના ગાત.
પડી ગયા પછી દંત, મોટ પદ કહે સહુ માતા,
વાંકા અંબોડા વાળતી શુભ્ર શણગાર ધરે સહુ,
ધોળે કેશ કર લાકડી બુઢી થઇ દીઠી બહુ.

ધોળા થાયે કેશ ડાહી કેહેવાશે ડોસી,

વિપરીત થાશે વેશ તેનું પાળીને પોશિ;
થર થર ધ્રુજશે શુસ, નગી જાશે બે નેણાં;
પડે દેહમાં વેહ, વદાશે વિપ્રીત વેણાં;
વળી લીંટ ચુસે બહુ નારથી, બે કાંન બેહેરા થસે,
સેંયે પ્રભુને સથળ કહે, જોબન જોર વહી જશે. ૬
જેમ વાદની છાંય. છાંયપલકો છે ચડકો.
મનમાં ચેતો મનુષ, ખરો ખરાબીનો ખડકો,
રાખ્યુતો નહી રહે, રૂપને જોબન રૂડું;
વૃધ થઇ જશે વેશ, કલંક રહે તે કુડું,
છે કોણ રંક કે રાણીઓ, રૂપ વૃધ ને બાળનું.
શામળ કહે રાખ્યુ નવ રહે, સવાર ઘેણું કાળનું.

શોકયના દુખ વિશે.

જેના ઘરમાં સોકય, કાંમણ દુમણ તે પાસે;
જેના ઘરમાં સોકય, વરતીઓ ત્યાં જઇ વસસ;
જેના ઘરમાં સોકય, મનુષ્ય ખોટા કંઇ ખપના;
જેના ઘરમાં સોકય, તેહને છાપ છપના,
વળી જેહના ઘરમાં સોકયછે, વીનતા આખો દીન વઢે;
શામળ સ્વામી સોકયનો, સુખે ન સુદ અદ ઘડી. ૧
જેના ઘરમાં સોકય. બ્રમહત્યા તો કીધી;
જેના ઘરમાં સોકય, થાપણ ઓળવી લીધી,
જેના ઘરમાં સોકય, દેવસ્થળ બહુ ઉથાપ્યાં.
જેના ઘરમાં સોકય, ગળાં લોકનાં કાપ્યાં.
પુરેલ નવાણે ાનોર, નાહાના સાપને સાપણી,
શામળ કહે સેકયો શ્રષ્ટીમાં, પુરી પરસ્ય પાપાણી. ૨
લોહ પનોતી લક્ષ, હોય નાને હૈયે,
મંગળ ચોથો માન, કઠણ કુજોગે કહીએ,
રહે બારમો રાહ, દશા રાહુની જોગે,

નવ ગ્રહ નીરબળ નીચ, ભાગ્ય હીણા તે ભાગ્યે,
એટલા ગ્રહે જેમ દુખદીએ, ફેરો ચક્રતો કાળનું,
શામળ કહે તેથી સત ઘણું, દુખ સોકયના સાલનું. ૩

હસ્તી સીંહને પ્રીત, પ્રીત વાઘણને હરણી.
ગરૂડ શરપને પ્રીત, પ્રીત તીમરને તરણી,
ઊંદર બલાડી પ્રીત, પ્રીત મનીને સ્વાન,
પ્રીત શરપને નોળ, પ્રીત લંપટ ધ્યાન,
વળી પ્રીત વીપ્રને વરતીઆ, પ્રીત અસુર સુર લોકની,
શામળ કહે તેવી પ્રીત સકળ, સ્ત્રીમાં સોકયની. ૪

અબલા ભલી અનર્થ, તેથી મોત ભલેરૂ,
ભલી હીણાને હાથ, એહથી નહીં દુખ અનેરૂ,
ભલી વિધવા ભલીવાર, ભલી ગુણકા કે ઘેલી,
ભલી દરીદ્ર દાસી હોય, સુહાગણ સેલી,
મોટી દાવાદળ દુખણી, ચંચળ ચીતે સોકયનું;
કવી શામળ ભટ સાચુ કહે, સાલ જેને સોકયનું. ૫

દરીદ્રને દુખ અનેક, માન્યું મનનું ન થાએ,
કાસીદને દુખ એક, નીત્ય પરદેશ જાએ,
દુનીઆને દુખ એક, વરસ્યી જે દિનન વરસે,
વાંઝીઆને દુખ એક: તનુજ કારણ મન તલસે,
કુંવારીને દુખ કામનું, ભીખારીને ભુખનું,
શામળ કેહે તેથી ચોગણું, સ્ત્રીને સોકયના દુખનું. ૬

આંધાને દુખ આંખ, સારૂં નરતું નવ દેખે,
બેરાને દુખ કાન: રાગ પુરાણ નવ પેખે,
રોગીને દુખ રોગ, ભોગ એકે નવ ભાવે;
ભીક્ષુકને દુખ એક, લોક ભીખારી કાવે;
એવા તો દુખ અનેક છે, પાંગાને દુખ પગ તણું;
શામળ કહે સ્ત્રીને સોકયનું, છે દાવાદળ દુખ ઘણું. ૭

પતિના વિજોગ વિશે.

નાવ વીનાની જે નાર, કલંકતો પગલે પગલે;
નાવ વીનાની નાર, પાપ તે ઢગલે ઢગલે,
નાવ વીનાની જે નાર, સતીપણું તો નવ સુજે;
નાવ વીનાની જે નાર, બુદ્ધી એક નવ બુજે;
છે નાવ વીનાની નારીઓ, તસકર સરખે તોલ છે
શામળ કહે અબળા એકલી, બહુ અવગુણના ઓઘ છે. ૧

પીતા ઘેર જે પુત્રી, હોય રીધી પણ રાંડી,
બોલે પુંઠે લોક કહે જે કંથે છાંડી.
પીતા ઘેર જે પૂત્રી, કુટંબ કહાવે ખોટી
ધન હીણ હોય ઘરનો ધણી, પીતા ઘેર હોય મથવાપતી
પણ સ્ત્રી શોભે સાસરે, સામળ કહે તે તો સતી.

નરપાખી જે નાર, કલંક કરોડો બેસે;
નર પાખી જે નાર; પરાયા નર ત્યાં પેસે;
નર પાખી જે નાર, પુઠ સહુ તેની જુએ.
નર પાખી જે નાર, પાણી પોતાનુ ખુએ.
નર પાખી નારી એકલી, વડો તેહુમાં વાંક છે.
શામળ કહે તે વીનતા વણસસે, એતો આડો આંક છે.

નર પાખી જે નાર, છેક હલવી તે તરણું;
નર પાખી જે નાર હોય રાણમાં જેમ હરણું;
નર પાખી જે નાર, નીચુ પીપળાનુ મુળ;
નર પાખી જે નાર, આકડાનુ થુળ.
નર પાખી નારી એકલી, શ્રસ્ટી સુની સર્વ છે.
તે માન ન પામે માનુની, ગળી જાય જસ ગર્વ છે

કહે હવે કયાં જાઊ, રહુ જઇ કોની પાસે;
કોની આગળ દુખ કહુ, જાઊ હુ કોની આગે;
રહુ જઇને ચરણ, મરણ કઇ પેરે પામુ,

કેમ ગમાવુ દીવસ, શોરા જઇ કેને નામુ.
આ વીરહ પુછે વીનતા તણો, જાણે હરી શુ કહુ કથી,
શામળ કહેછે કયાં ન મળે નારી અતર એવી નથી. ૫

નથી ઇંદ્રા નળ રાય, જેને વીતી વાતે.
દમયંતી વીરહ, હતો દીખીયો દીન રાતે.
નથી ગઉતમ ગુણવંત. યથારથ દુખ એ જાણે.
અતી અહલ્યા સ્નેહ દેડ રૂપ અદ્દકુ આણે
વીનતાને વરહે હતો, દહન દાવાદળથી ઘણો,
શામળ દુખીયો માધવ કહે, ટાળનાર કોઇ તે તણો,
સરસ માધવ સમસેર, જોરથી. વાગે ઝટકો
ફરી ઝાલ્યા કટાર પાર ઉતરે નહી ખટકો,
બરછી રૂડાં બાણ, પ્રાણ કાઢે તે વેળા,
ગોળી લાગતાં સુખ. ભાગવાન થાએ ભેળા,
વળી આયુધ છત્રીસે તણા, સાહ્યાધાન તે સોહલા,
ઘણ શામળ કહે માધવ મને, વીનતા વીરહ દુખ દોહલા।

પીવુ હળાહળ વીખ, તેહ પણ લાગે સહેલું.
પડવુ પાવક માંહી વારૂ જે મોતજ વેહેલું.
જળમાં જંપાપાત તેહ પણ દુખડુ જાજુ.
ગીરીથી પડવું ભોય તેહ પણ દુખ નહી તાજુ.
વળી માધવ સરપથી વધ થયો, તે સેહેવુ શેલુ સહી
પણ વરહ વીત્યો વીનતા તણો, નર સેહેવા સમરથ નથી

આપે કાંઇ અનદાન, મરણથી કાંઇ મુકાવે.
બાંધી છોડાણ બહુ, ચોટ સર્વેની ચુકાવે,
કોઇ આપે ઘર બાર, નાર પરણાવે પીને,
આપે દાન અનેક, રાજય આપે શુભ રીતે,
કે કાપડ કછણ કોઇ પણ, આપે આડે આંકથી,
વનીતા વીરાહની વેદના, નર ટાળે તેવો નથી.

આપઘાત જે કરે જાય તે નરકે ઘોરે

પામે પીડા પુર્ણ કરી ન બેસે ઠારે,
નીસરે વળી તેહ, ભુત ચોર્નાને વામે,
ભમે ભટકતો ભુર, શકલ શુભ તનનુ પામે,
એ જાણી એવુ નહી કરૂ કાયા પણ આ કામ ખરૂ,
વળી ઊમયા આજ વીચારજો, કાલ રાત નિશ્ચે મરૂ

શિવની સ્તુતિ વિશે.

ધરો અંબાનુ ધ્યાન, મદન મરદન અરી ગજન,
ભુત પરેત વઇતાળ, વ્યા ધરી ભય ભંજન,
ધનુર અહંકાર છાર છાજે અતી અંગા,
જોગી ખપર દંડ મુડ, જટા વીચ ગંગા,
વપુ શ્વેત વરણ, ત્રીસુળ ધારણ તારણ તરણ.
કવી શામલ કહે શેવો સદા, શીવસંકર અશરણ શરણ

શીવતો અપરંપાર, શીવ જાણીતો જોગી,
શીવ શ્રસ્ટી આધાર, બ્રમ વિદ્યાનો ભોગી,
શીવતો ત્રીગુણ તત્વ, શીવને સાધે મુકિત,
સંદ શીવને વીસ્નુ, પામવા ભરપુર મુકિત
માયાના બંધનમાં માનવી, શીવ મહીંમા તે શુ લહે,
જે વેદ ભેદ જાણે નહી, નીગમતે તેના કહે,

જે પૂજે માહાદેવ, વેદના સઘળી વામે,
જે પુજે માહાદેવ, ભોગવે ભરપુર મુકિત,
જે પુજે માહાદેવ, મહા સુખ પામે મુકતી,
ફરી જનમ મરણ તેનો નહી, કોટીવાર સુ કહુ કથી
કવી શામળ કહે શીવ સરખ, દાતા દેવ દુજો નથી.

ધન્ય ધન્ય માહારાજ લાજ રાખો શીવ મારી,
આપો સુખ વીલાસ, આશા જે રાખે તારી,
અસ્ટશીધી નવ નીધી, રહે પણ શિધજ પાસે,

જીવતાં પામે મુકિત, ટતપદ શીવ કૈલાસે,
મહારૂદ્ર ઇસ તગ તુલ્ય તો, દેખુ નહીં કો દેવતા
રાજાધીરાજ માહારાજછો, કરો અત્યુકને જીવતા. ૪

ઊજણ તથા વિક્રમ રાજા વીશે.

ઊંચા મેહેલ આવાસ, પાસ પાશે તે પ્યારા,
ઘણા દેવ દરબાર, શીખર સોભે બહુ સારા,
રાજરીધીં રંગ મહેલ, સરપશીંઘાસન દીશે,
વળી લાયક જેવો લંકગઢ, એહ થકી ઉપમા ઘણી,
શામળ કહે વખાંણ શાં કરૂ, ધન્યભાગ્ય ઊજેણી ૧

એક લાખ ગજરાજ, ધજા નીશાનો ફરકે,
વીસ લાખ વહેનાર, તેહપર તાપ ધકુકે,
શહસ્ત્ર બાર સમર્થ, રૂડા રહેછે રથ ફરતા,
પાંચ સહસ્ત્ર પ્રધાન, માન મેહેરામણ ધરતા
દશ સહસ્ત તો દીવાનછે, દાન સુભદાયકા,
વળી આઠ કોટી અસ્વારછે, પંદર કોટી પાયદા.

સામળ શોળ હજાર, અચ્યુત તો રાય ગણેલા.
પંડીતો પંચ લક્ષ ભલા વ્યાકરણ ભણેલા.
વેદ ભણેલા વીપ્ર ચાર. હજાર સુ પુજે,
જોશી શોળ હજાર સાર મત આગળ સુજે.
શામળ કહે શોભીત સુરપુરે, જુગતે સુર નાયક જશે.

મેના પોપટ મોર શોર, અતી સુગાવે
જેમાં જે વીદ્યાયા આપે ગુણ આપ જાણાવે,
પાળે પુત્ર સમાન, પ્રજાને ભુપ ન ગાંજે
દેહ વેઠી દુખ ભાવથી, ભાવઠ ભંજે.
કવી શામળ ભટ સાચુ કહે, શુ વખાણ કરીએ ઘણું.

રાજા રામ સમાન રતી પતી સરખુ રૂપ.
દાતવાદી હરીચંદ્ર, ઇદ્ર આસન ભડભુપ.

તેજવંતનો સુર, પુર સાગર કેમ કહીએ,
ભોગી ક્રસ્ન સમાન; જોગી શીવ સરખો લહીએ,
વીદ્યામાં સુક્રાચાર રામ, શાક્સ સુરદરશન સમ બહુ
કવી શામળ કહે પરદુખ હરણ, કોટ વીસા વીક્રમ કહુ

ધનદ શેઠ ધનવાન, માન દુરજોધન રાણો;
સતી સીરોમણી સીત, પ્રીત લક્ષમણનો જાણો;
વરણ શ્રેસ્ટ તો વીપ્ર કરણ મોટા દાતારી,
શ્રેસ્ટ સરીતમાં ગંગ; અધીક રાવણ અહંકારી;
ઉપરાણ તો આંબા તણું લક્ષમી લહરી લંકા લહુ
કવી શામળ કહે પરદુખ હરણ, કોટી વશા વીકરમ કહુ

ધાતુ માંહી સુવરણ, મરણ ગંગાની તીરે;
વનસ્પતિ પણ તેહ, દેહ દાતાર શરીરે।
પત્ર તુળશી દળ તેહ, મેહ ગરવા પણ ગાજે;
બેહેકે માંહી બરાસ, વાસ સારો વઈકુંઠે;
દાસત્વ ભકતી રોહીદાસની, ભરત્ર ભરત સારો બહુ
કવી શામળ કહે પરદુખ હરણ, કોટી વશા વીક્રમ કહુ

રાજ તેજ શ્રીરામ, કામ સરખો તન રૂપે,
સતવાદી હરીશ્ચંદ્ર, ઈંદ્ર અધીકારી ભુપ;
જેમ યુધીસ્ટર જોર, બાણાવળી અરજુન જેવા;
પરશુરામ સમ અજીત, તોલ તરતીએ તેવા;
સજન રંજન અહીં, પરદુખ ભંજન સુખ કરણ;
ભડભોજ રાજ ભક્ષપણ તણો, શામળ કહે શરણ ચરણ

સભાપંડીત સત સાત. વદે વીયાકરણ સુણી;
જોશી આઠ હજાર અગની જુગને જાણી,
વેદક વેદ હજાર, ભેદ ભારથના ભાળે;
અગની હોત્રી અહુત, આવસત મહતજ પાળે.
નાટક ચેટક નીત નવાં ભાટ ચારણ કવિતા ભણે
ભરપુરણ ભોજ સભા ભળી; શામળ કહે નહી મણા,

એક સંધે કાળીદાસ, બે સંધે માઘવ પ્રમાણું;
ત્રણ સંધે નરૂપ ભોજ, ચોસંથી સભા વખાણું,
નવું કવિત કે શ્લોક, નવી કોઇ વાત બનાવે,
સવા લાખથી સરસ, મોજ મનમાની લાવી
ભંડાર થકી પાછો વળ્યો; તો તેને બમણું જડયું;
દઇવ્ય દેવાંશી દેહ, મેરૂ જેવો મન ગરવો,
કરણ સમો દાતાર, સાત સાગરવત સુરો
નીરમળ શશીવત નામ, કામ હરીચંદ્ર સત્યે,
પુરણ રવી પ્રતાપ આપ રાજાખલીવટતે
છે જોડ યુધીસ્ટર સરખો. લાયક જન લક્ષમાં લવો.
તે ભોજ ભલો ભડ ભુપતી; કવી શામળ કોડે કહે,

પીતાના હેત વિશે.

પુત્ર કરે જો પાપ; પીતા તે પુન્ય જાણે,
પુત્ર કહી દે દુખ, પીતા તે સુખ પ્રમાણે;
પુત્ર કરે જો હાણ, પીતા તે લાભજ લેખે;
પુત્ર વદે જો જુઠ પીતા તે સત્યજ પેખે,
અવગુણ અગણ્યધા પુત્રના, પીતાને મનતો લાડછે,
શા ગુણ ઓશીગણ કીજીએ, પુરણ પીતાનો પાહાડછે;
પુત્ર તણો વીજોગ, તેથી દાવાનલ રૂડો,
પુત્ર તણો વીજોગ. તેથી શુભ જળમાં બુડયો,
પુત્ર તણો વીજોગ, તેથી ડસવો સાપે,
પુત્ર તણો વીજોગ, તેથી શુભ તપવુ તાપે;
મહા દુખ નહી મરવા તણુ, દુખ નહી તન રોગનું,
પણ કોડ વશા શામળ કહે, પૈ પુત્ર વિજોગનું.
પ્રીત સગા સમરત, પ્રીત ભારે ભ્રાતાની;
પ્રીત ઘણી મોસાળ, પ્રીત શ્વસુરપખાની;
પ્રીત ઘણી પ્રિય નારી, પ્રીત સુભ સ્નેહ સખાની,

છે પ્રીતી અધીક પ્રકારની, કહે શામળ કોડે કથી;
પણ અધીક પ્રીત અંતર તણી, સપુત સમાન સરસ નથી!

જેણે ચડાવ્યાં આળ, બાળ રમતાં રોવડાવ્યાં;
સ્ત્રીવધ, ગોવધ, બ્રહ્મહત્યાદીક પાપ કરાવ્યાં;
વીપ્ર સાથે કરી વેર, ઝેર દઈને જર હરીયા;
કર્યા ગરભ કંઇ પાત, ઘાત કુટુંબે કરીયા,
પડયા વછોહ નરનારીને, ભંગ કરી ઘરસુત્રનો;
પામે પોતે તે પાપથી, વીયોગ પ્યારા પુત્રનો,

પુત્ર વિના નહી મોક્ષ. પુત્ર વીણ મોટું મેણું,
પુત્ર વિના ઘર સુન્ય, પુત્ર વીણ જીવતર ખોટું,
પુત્ર વીના પરીવાર, વીશ્વ માંહી નવ વાધે,
પુત્ર વિના સંસારમાં, કોણ સારે પીતુ શ્રાધે
ઘર ગ્રથ દ્રવ્ય કોણ ભોગવે, ઘણું દ્રવ્ય પણ વાંછીએ
અવતાર બળ્યો બાળક વિના, વિશ્વ કહે તે વાંઝીઓ, ૫

મોટા માણસ વીશે

મોટા પામે ગેહ, કોજે તો ઘોડા બાંધે,
સગપણ મોટા સાથ. કીજે તો કાળજુ રાંધે,
મોટો આવે ઘેર, તરણી મનમાં તાકે,
મોટાથી વેવાર, કરે તે આખર થાકે.
જે મોટા જન મુરખ મના, તે સાથે નવ બોલીએ,
શામળ કહે આવા આગળે, મન પડદા નવ ખોલીએ,

મોટા બોલે જુઠ, તોપણ સાચુ કહીએ,
મોટા જો દે ગાળ, તોપણ સાંખી રહીએ,
મોટા કાયર હોય, તોયપણ કહીએ સુરા,
મહીપતી મુરખ હોય, કહીએ પંડીત પુરા,
કદી રીસ કરે જો રાયજી, તોયસદા જસ જોડીએ,
અણદાતા હોય અધીપતી, તોયહાથની આ જોડીએ ૧

મોટા સાથે વેર, કરે તે કારજ કુંડું,
મોટા સાથે વેર, કરે તો ભાગ્યજ ભુંડું.
મોટા સાથે વેર કરે તો જીવજ લેશે,
મોટા સાથે વેર કરે તો કેદજ રેહેશે.
માનીએ વાત મોટા તણી, કદી નીઘા નવ કીજીએ.
શામળ કહે પ્રીતી પુરાણજો, પણ મોટાથી બીજીએ. ૨

કરે ચોરી જે ચોર; એક દીન શીશ કટાવે.
કરે જારી જે જાર, માન મરજાદ મટાવે.
કરે ચાડી જે ચાડ, સુજશ જોતામાં જાએ.
નીરધનનો વેહેપાર. કદી દેવાળું થાએ.
જે મોટા સાથ મમત કરે, મોત વિના નીશ્ચે મરે,
નીચારા રહયાથી પણ નકી, કેમ અરથ એકે સરે. ૩

સહેજ વેર વીશે

વેર ધરમ ને કરમ, વેર સોંકયો જયાં શરખી,
પાટીદાર પટેલને વેર, વેર ઇજારા કાણબી,
વેર વાણજ અવિવેક, વેર ભીક્ષા પરભીક્ષા,
વેર મુરખને મીત્ર, શાણપણથી દે શીક્ષા;
એવાં વળી વેર અનેકછે; નાઇ ઉપર નાઇ જશો,
વળી સદા વેર સામળ કહે, સદગુણને દુરગુણ વીશો. ૧

પીતા તણો હણનાર, એહ પણ વેર અનેરૂં.
હણે નારી કે પુત્ર, તેહપણ વેર ઘણેરૂં,
કરે નીત્ય અપમાન, કલંક ચઢાવે કોચે,
હરે ભુમી ઘર સુત્ર, લાજ લોકોમાં લોપે,
પણ હાડ વેર એથી અધીક; શાંમળભટ સાચુ ભણે,
જે જુલમ વેર તો જારીનું, હત્યા કરતાં નવ ડરે. ૨

વેરી ધન લેનાર, વેરી ખાનારો ચાડી,
વેરી દુખ દેનાર, વેરી જે વાતો આડી.

વેરી જન હણનાર; વેરી જે ગરાસ મુકાવે,
વેરી ખુએ વહેવાર. વેરી અવસર ચુકાવે,
એવા અનેક વેરી અધીક; હાડ વેર હું કહુ કથી
શામળ કહે વેરવિનારીનું; તેહ સમો પડતો નથી. ૩

રાજા વીસે

રાજાનો વીસ્વાસ. કરે વણ મોતે મરશે,
રાજાનો વિશ્વાસ, કરે ધન ધીરજ હરશે
રાજાનો વીશ્વાસ, કરે તો રામજ રૂઠયો,
રાજાનો વીશ્વાસ, કરે તો કાળજ ખુટયો,
રાજાને મીત્રજ માનશે, કહું ડહાપણ તો કથી,
કવી સામળ કહેછે કોઇને, મહીપતી મીત્ર સુણયા નથી. ૧

ન હોય કાગ પવીત્ર, મીત્ર સોની નહીં કોને,
દુત નહીં સત્યવંત, જુઠો સાચો નહીં માનો,
નહી નપુશકમાં નુર, આપ નવ હોય અનાથે,
કામ નૃપ નહી તાર, દામ નવે શુભ હાથે,
જોરાવરીએ જસ હોય નહીં, શામલ કહે શું કથા, ૨

રાય રૂઠયા લે દંડ, કરે ખંડન સજનનુ,
રાય રૂઠયા લે લુટી, માન મોડે મહાજનનુ,
રાય રૂઠયો લે જીવ, પ્રાણ કોડે પળ એકે,
રાય રૂઠયો લે લાજ, નીર ઉતારે નેકે,
કદી રામ રૂઠે નહીં ઘણું, જાન જીવ જોખમ તણું,
શામળ કહે નરપ ઊઠે તણું, દુનિયાંને માથે દુખ ઘણુ,

તેડું ભલું શતરૂનું, દામ કામે દંડાવે,
તેડું ભલું કો દુષ્ટ, છળ કરી છંડાવે,
તેડું ભલુ જમરાય, જીવ જલદી લઇ જાયે,
તેડું ભલું લેણદાર, લેણું લઇ મારગ થાએ,
શુભ તેડું તાવ તરીઆતણું, શીધ્ર સરપ વાંખપાતનું,

શામળ કહે ભુડું સરવથા, દુખ તો તે દીવાનનું, ૪

વિશ્વાસ નહી વણીક, જીભે તે જુઠું બોલે,
વિશ્વાસ નહી વાણીક, પેટના પડદા ખોલે;
વિશ્વાસ નહી વાણીક, ઊતાવળીઆ જે થાય;
વિશ્વાસ નહી વણીક, વીનતાશુ વહેવાએ;
વળી વિશ્વાસ તે વણીક નહી, ચઢયો રાવળે જાણીઓ,
સત્ય વાત શામળ કહે, વિશ્વાસુ નહી વાણીઓ.

વાસ નહી જ્યાં વાણીક, નગર ત્યાં ઉજડ કહેવું;
વાસ નહીં જ્યાં વાણીક, રાત વાસો નવ રેહેવું,
વાસ નહીં જ્યાં વાણીક, ત્યાં વેપાર ન કરવો,
વાસ નહી જયાં વણીક, ત્યાં ભંડાર ન ભરવો,
વિદ્યા વિવેક બુધી નહીં, વસે નહીં જ્યાં વાણીઓ;
એ અધિક અઢાર વરણ વિશે, શામળ જુગતે જાણીઓ.

સ્થાનક બેઠો ત્યાં સીંહ, હોય વનમાં તો હરણું.
સાવજ કાજ શીઆળ, તરપત આગળ તો તરણું;
ભોજન કાજે ભીમ, મૈથુન સ્વાન સરીખો,
કુરકટ સમ કુલપાલ, પઈરો પાશાણ સરીખો,
બળીઆ આગળ બેરો બને, ગરીબ પાસે ગાજે ઘણું,
લખવેજ ક્ચરીયું કુટણું, તોલ ડહાપણ તે તણું, ૨

સરવે ભરેછે પેટ, વાણીક ભરેછે વાંસો.
જર મુકવા કોઇ જાય, પાછું લેવાનો સાંસો,
હીંગ મરીને લુણ, મહી જર વાળી નાંખે,
સગા સબંધી સરવ, હેત કોનું નવ રાખે,
આપણે જો નાણું માગીએ દેશુ કહેશે દાકડો,
એ હોય માગતો અડધીયું, લે રૂપીઓ રોકડો,
જોગી ભુપ સમાન, દયાળ દાતા કોનો,
વાણજ વજીર વકીલ; મહીપતીનો મન માન્યો,
નાણાવટમાં નેક, કોઇ કંદોઇ કે કણીઆ,

દારૂ દાણ દલાલ, ભલો ભંડારીઓ ભગીઓ.
ગુણ સાગર દીલ ગરવો ઘણો, લેણદેણ લાયક લહે,
સુવીચારી વીવેક વાણીઓ, શામળભટ સાચુ કહે
શેવો નીરદય નીચ, સેવો વસવાયાં વાંઢુ.
શેવો કોઇ અકરમી, ખાત્ર પાડું કે ખાડું,
શેવો ભાંડ ભવાઇ, શેવજો જાચક જોગી;
શેવો વરણ અવરણ, શેવજો ભીક્ષા ભોગી.
શેવજો કાછીઆ માછીઆ, ઠગ ગોલા કે ઠાલાઆ,
શામળ કહે અરથ સરે નહી, વખાણીયા વેસે વાણીઆ ૫

વડી બુધ તો વાણીક, શુધ આગળથી સુજે,
રજ બુધિ રજપુત, વગર જોરે પણ જુઝે,
કણબા કિંચીત બુધ મમત પોતાનો માંડે;
રદ બુધી તો રાય, સાંભળી કાને દડે,
વસવાયાંથી બુધિ વેગળી, સ્ત્રીમાં બુધી કશી નહીં,
શામળ બુધી પાછળ થકી, વિપ્ર માંહે આવે વડી. ૬

સદગુણ તથા દુરગુણ વીસે

પ્રતીદીન પ્રાતઃસ્નાન, ધંધા સુભ શેવા,
ગંગાજળ સમ ગણે, પિતા માતા ગરૂ દેવા,
ગાય વિપ્રના વંદ; તુળશી પીપળને પુજે,
ઊભે આઠે જામ, સત્યની વાણી સુજે,
ભોજન કરાવી ભોજન કરે, યથા શકતી દાતાય,
સામળ સદગુણી ગ્રહસ્થ તે, સેહેજમાં સ્વરગે ગયા. ૧

લોભીને પ્રીય લાભ, જારને વહાલી જારી,
સુમને વહાલું દ્રવ્ય, પુરૂષને વહાલી પ્યારી,
સુરને વહાલુ શહસ્ત્ર, મુરખને મુરખ વખાણે,
રાગીને પ્રીય રાગ, જોગીને જોગી જાણે;
ગુણ સાધે ગુણ જેના મળે, તે તો પુરણ પ્રીતછે
સામળ કહે સહુ માનજો, એજ અનાદી રીતછે. ૨

છાનું રહે નહીં પુન્ય, રહે નહી છાની સત્યો;
છાનુ ન રહે ખુન. છાની ન રહે ગુણ ગત્યો;
વિધા છાની ન રહે, રહે નહી છાની પ્રીતી;
છાનો ન રહે સુર, રહે નહી છાની રીતી;
દાતા જુજર જ્ઞાની ગુણી, વચન વાદ વિધા વીધી.
વળી દાન ગાન સનમાન શુભ, છાનીન રહે રોધીસીધી

છાની ન રહે વાત, રીત રૂડી કે ભુંડી;
છાનો ન રહે પુરૂષ, શુર કાયર કે દાતા;
છાનું રહે નહી ચોર, ભ્રાત ભગની કે માતા;
વળી વીધી છાની રહે નહી, લીલાલેહેર લક્ષમી તણી;
કદી છાનુ પાપ રહે નહી, ખોડો દાટો મથવી ખણી, ૪

નમે આપણને જેહ, સતવાર તેને નમીએ;
દમે આપણને જેહ; સતવાર તેને દમીએ,
પાય આપણને નીર, દુધ તેનો દઇએ.
કરે આપણને ઘાવ, ... તેનો તો લઇએ.
ઘાસે આપણને દામ, ... દસ ઝર ઝાઝો સહીએ;
જે ગુણ અવગુણ નહી જાણસે, પીના પીંડ લેશે નહી.

જેમ મછને નીર; જેમ વનકીને વાયુ;
જેમ ભગત ભગવાન; જેમ જીવન ને આયુ;
જેમ સતીને નાવ, જેમ જાચકને દાતા;
જેમ લોભીને લછ, જેમ બાળકને માતા,
પ્રીતી અનેક એ વિધિ, બહુ પ્રકાર બુજે બહુ;
કવી શામળ ભટ સાચુ કહે, લેણ દેણ લેશે સહુ;

ભલે જનમ્યો જન જેયા, સુખ પ્રાણી પામ્યા;
ભલે જનમ્યો જન જેયા, દુનીયાં દુખ વાંમ્યાં
ભલે જનમ્યો જન દાન, દાતા કેહેવાણો.
ભલે જનમચો જન, સદા સદગુણી ગણાયો,
જનેતાએ જન ભલે જણ્યા. સુરપુર દાતા ભગત,

શામળ કહે ભલે જનમીયા, જેથિ સુખ પામ્યું જગત,
ધન્ય તેહની માત, પુન્ય ઊપર જે પ્રીતી,
ધન્ય તેની માત, જે ઘર રૂડી રીતી,
ધન્ય તેહેની માત, જે સદાવરત આપે;
ધન્ય તેહેની માત, કષ્ટ પરાયાં કાપે;
ધન્ય ધન્ય માતા તેહની, દારીદ્રતા કવીની દળે,
શામળ કહે તે સઊથી વડો; બાકી બીજા બહુ મળે,

ધીક માતાની કુખ; કરી ચોરી કે ચાડી.
ધીક માતાની કુખ, અકલ ફેલાવી આડી;
ધીક માતાની કુખ, દુખ દુનીઆને દેતો
ધીક માતાની કુખ, જગતમાં અપજશ લેતો
શામળ કહે શીદને જનમીયા, ભુંડી વાત ભાવે ભણ્યા;
વીનતા ન રહી વાંઝણી, લપોડશંખ જેણે જણ્યા.

સાસુ કેરૂં કલંક, પાપણી વહુ પ્રકાશે:
શેઠ તણું કલંક, ખુની વાણોતર બોલે;
કંથ તણું કલંક, બુધીહીણ સ્ત્રી બોલે;
આપણે દામ દખાડીએ, કલંક બોલે આપણું,
શામળ કહે તેનુ પરખીએ, પ્રથમથી લુચાપણું;

હસ્યા થકી બહુ કલેશ, હસ્યાથી ગરવા ગાજે.
હસ્યા થકી હોય કલેશ, હસ્યાથી ભવનજ ભાજે,
હસ્યા થકી રૂઠે રાય, હસ્યા થકી હિંમત હારે;
હસ્યા થકી જશ જાય; હસ્યા વણ મોતે મારે;
હસ્યા થકી હોંશ પેસે નહી, હસ્યે ખોટ લાગે ખરી;
શામળ કહે શાણા સમજજો, કરશો નહી કદી મશકરી

દાતાર વિશે,

તરૂવર લીલુ જ્યાંહ, છાંય તેની સઊ બેસે;
ભરયુ નવાણે નીર, પાણી પિવા સઊ પેસે;
ફળો દેખી વનરાય; જાય ક્ષુધાતુર ખાવા,

ગંગા જ્યાં ગંભીર, નિર જાય બહુ નહાવા;
જ્યાંહ દાતા દીલ દરીઆવ છે, ત્યાં જાચક જાચે ઘણા;
વધતાળ જાય વિક્રમ કને, શામળ શી મોટમ મણા,

પુજે જે કોઇ દેવ, દેહ દેવાંશી થાએ;
અમર થાય તે આપ, જેહ અમ્રત ફળ ખાયે,
ભળે ગંગામાં નિર, નેહ પાણ થાએ ગંગા;
મલયાગરને પવન, કષ્ટ ચંદન શુભ અંગા;
સુધરે સજન સંગત થકી, તુંબી સંગ જેમ તન તરે;
કવી સામળ ભટ સાચુ કહે, દાતા આપ સમો કરે. ૨

જોગી જુઠો જોગ, વેશ વેરાગી વરીયા,
જંગમ વ્રતીક વેડ, કાજલ મેલાવે કાયા;
જટા જંગોટા જુઠ, નહી ધુવે તે નરતા;
મમત બાંધીને તે મુવા, સારૂ નરતું કરતાં;
સામળ કહે સાધન શ્રેષ્ટ તો, કષ્ટ લોકનું કાપવું,
વળી રામ નામ રસના રટે, દાન અહો નીત્ય આપવું ૩

ઊપર જેનો હાથ, તેહના ગાવા જસ ઝાઝા;
ઉપર જેનો હાથ, તે વશ રઈયત રાજા;
ઉપર જેનો હાથ. વશકારી એ વિદ્યા;
ઊપર જેનો હાથ, ન થાએ તેની નિંદ્યા:
જે ઊપર હાથ તે અધીપતી, દાસ થાએ સુર દાનવી;
વશ વરતે શીવ સુધાં સકળ, કોણ માત્રમા માનવી, ૪

કશું ઝાઝુ તે સારૂ નહી.

ઝાઝા જે ઘર પુત્ર, કોઇ કુળ તેહનું બોળે;
ઝાઝા જ્યાં વેપાર. કોઇ દીન રાખજ ચોળે;
ઝાઝા પટેલ પ્રધાન, કરે ઉજડ તે ગામ;
ઝાઝા ભીક્ષક ભરમ, માન ન મળે તે ઠામ;
ઝાઝી પ્રીતી જ્યાં પ્રગટશે, કદીક માન માયા ઘટે;
મહીપતી પાસ માગણુ વસે, કહે શામળ તો ગુણ ઘટે. ૧

સીતામાં બહુ રૂપ, જુવો રાવણ લઇ ચાલ્યો;
બળીરાજા બહુ દાંન, ઘણો પાતાળે ઘાલ્યો;
પાંડવ બહુ પ્રતાપ, આપ ઠામે નહીં ઠરીઆ;
બહુ સત્ય હરીચંદ્ર, નીચ ઘર જળ જઇ ભરીઆ.
બહુ સ્નેહવંત દમયંતી નળ, ન રહ્યાં ઠેકાણે કહીં;
બહુ સુખ દુખ કે શુભ બહુ, શામળ કહે સારૂ નહીં. ૨

નીત્ય કરે વેપાર, કોક દીન ટોટો આવે;
નીત્ય કરે વીખવાદ, એક દીન આવે દાદે;
નીત્ય જાચવા જાય. કોઇ દીન માન મટાવે;
નીત્ય કરે જો પ્રીત, કોઇ દીન અવળુ આવે;
જેથી દીલ રાજી આપણું, તેથી ઝાઝુ નવ જુએ;
શામળ કહે સ્નેહી નારનો, નીશ્ચે જર જીવન ખુએ. ૩

અતીશે જેમાં રૂપ, તેજ કરૂપી જાણો;
અતીસે ડહાપણ અંગ, તેહને મુરખ પ્રમાણો;
અતીસે સુખ શરીર, તેહને દુખ દીલાસો;
અતીશે જેને પ્રીત, તેહને વેર વીરાસો;
વળી અતીસે જેને લાડ છે, ઘેર ઘેર તે રજળશે;
શામળ અહંકારે ઓપીયા. તે પીડાથી પ્રજળશે. ૪

નામ વિશે છપા.

ધનજી આગવાણે પાગ, માગતો મહીપતી દીઠો;
સુરો નાશી જાય, બોલતો કડવું મીઠો;
વ્યાજ ભરે રણછોડ, કામ કલ્યાણ કરંતો;
વળી ચળાચળ અપાર, દીઠો અજરામર મરંતો
માણી હીરો માણેક મોતીઓ. કો દી કથીર દેખે નહીં;
કવી શામળ કહે સંશારમાં, શું કારણ નામે સહી. ૧

દીઠા અમર મરંતા, પીતાંબર નગ્ન ફરે છે;
નાગો પેહેરે વસ્ત્ર, વાઘ ઊંદરથી ડરે છે;
પરવત ફરે પ્રદેશ, દીઠો મંગળને દુખીઓ;

આવ ઘણું સંતોષ, કાશીદ કરંતો સુખીઓ,
શીલ દયાળચંદ દયા નહી, ખુશાલ કહી રોતે. ફરે;
શામળ કહે નામ પનોતાંઆ, કંઇક કુવારા મરે;
કુબેર તો કહેવાય, ખજાને દીઠા ખાલી;
ધરમ આધારે પાપ, નાર આવે ઘર ઘાલી;
વાલો રાખે વેર, ઝેર જેવો તો મીઠો;
જોગી કરે વેપાર, ભોગી ભીખંતો દીઠો;
શીવચંદ જાયછે છેતરી, બળીઓ તે હારી જશે;
રૂડો કે ભુંડો ગુણ હશે; શામળ નામે શું થશે;

હાથી નામે હોય, બીહે બીલાથી નાસે;
સુરજ કાળો હોય, સામળો સુંદર ભાસે,
રૂપો હોય કરૂપ, સુખીને પીડા ઝાઝી,
કૃપાળ રાખે કુંડ, ભુપત વેચે ભાજી,
આશા ઇછા ઓળંગશે, કલંક નીરમળ શીર ચઢે,
ઠાગા ફરતા છે જોઇતા, શામળ નામે શું અડે;

નામ ભણાવે ભોજ, પુન્ય સપને નવ દેખે;
અભય નામ તો હોય, દુખ પામે આગુ લેખે;
નામ ચતુરચંદ હોય, ખાય બાર જઇ આડી;
શાંતીદાશ તો નામ, દેહમાં દાજે દાડી,
હેમો ન હેમ દેખે કદી, પંડીત નામ ભણે નહી;
નામે સુરજ દેખે નહી, કહો નામ રહ્યું કહી;

લોભ વીશે

લોભ તજાવે લાજ, લોભ તો સત્ય છંડાવે;
લોભ ભગાવે બહાર, લોભ દાહાડી દંડાએ;
લોભ કરાવે પાપ, શ્રાપ લોભે લીએ માથે;
લોભે બગડે બહુ સુધ, નારી કોઇ સાથે;
તે લોભ નીચમાં નીચછે, લોભે ભુખી ઘટે ઘણી;

કવી શામળભટ સાચુ કહે, લોભ નરક દેરા ધણી.

વણું સાંજ સવારઃ મધ્ય સંધ્યા મધ્ય રાતે;
ઘડી પલકને પોહોર, આજ કાલે પરભાતે;
રવી સોમ શનીવાર, ત્રીજ તેરશ ત્રણ વેળા;
સરદ સશીર વસંત, ભુવન ભુવનમાં ભેળા;
કૃત આદી ઊગ અંતે કળી, સુકવદ સરવ સમાયછે,
શામળ આશા તો અમરછે, જુગ બધો વહી જાયછે

જાય લોભથી સરવ, દઈવપણું લોભે રૂઠે;
ભવન કરી દીએ ભસ્મ, લોભ તો અગની રૂઠે;
હોય લોભથી હાણ, જાણપણું લોભે જાએ;
લોભે હીમત હીણ, દીનપણુ લોભે થાએ;
લોભે લક્ષણ લાખો ઘટે, લોભે સંકટ ધુજછે,
કવી શામળભટ સાચુ ભણે, લોભ પાપનુ મુળછે

લોભે તુટે પ્રીત, લોભથી હેત ન હોએ,
લોભે ચોરી ચાડી કરે, કુળવંતા કોઈ;
લોભે બોલે જુઠ, લોભથી હત્યા થાએ;
લોભે જાય વીદેશ, લોભથી ગાણાં ગાએ;
લોભી સઘળો સંસારછે હોય જેથી પણ હીણતા;
શામળ લોભી બેજણા; વીપને વળી વીનતા;

અરથી ન ગણે પાપ, અરથી જગને નવ જુએ;
અરથી માને સરાપ. પાણી પરીઆનુ ખુવે,
અરથી કુડાં કામ કરે, બેકે નવ બીહે,
અરથી બોળે નામ, લાખ લછન શીર લીએ,
અરથી તો જીવ અસ્વે ખુએ, અરથી અવગુણ નવગણે
અરથી આંખે દેખે નહી શામળભટ સાચુ ભણે

કામી નર એ અંધ, અંધ લક્ષમીનો લોભી;
અંધ સવારથશરવ, અંધ મેલો મન મોભી;
અંધ અદેખો આપ, અંધ ચોરી ને ચાડી;

અંધ અડંપદ ઊર, અડાવે વાનો આડી;
એવા અંધ તો અનેક છે, કાં નર ને કાં નારીઓ;
શામળ કહે અંધ ઘાતી ઘણા, જે જન ઇછે જારીઓ.

લોભ કરાવે કષ્ટ, લોભ મરજાદ મટાવે;
લોભ કપાવે શીશ, લોભ ગુણ જ્ઞાન ઘટાડે;
લોભે જાય તણાઈ, લોભે સુખ સરવ સમાવે;
ઉતમ અધીપતી આપ. નીચને શીશ નમાવે;
દુખ દાવાનળ તો લોભ છે, કરે ગુણીને ગરકમાં;
કવી શામળ ભટ સાચુ કહે, લોભી પડશે નરકમાં. ૭

ભીખ વિશે.

ભીખ માંહી નીચ ભોગ, ભોગથી જોગ ન સાધે;
ભીખમાં નહી માન ભીખથી ભાગ્ય ન વાધે,
ભીખ નામ નીરમાલ્ય. ભીખથી ભારજ ખુવે,
ભીક્ષુક ઓછુ પાત્ર, ભીખ સામુ નવ જુવે;
તુણ તુછુ ત સરવથી, ભીખ હોય હલકી બહુ;
કવી શામળકહે શ્યાણાસમજજો, ભીખથી ભુંડું શું કહું, ૧

થર થર ધ્રુજે દેહ, દેહની સુધ્ય વીચારે,
મન ઉપર નહી તેજ, રામનું નામ ન ઉચારે;
ગળુ મળી ગળુ થાય, નેત્રથી નીર ઝરેછે;
બોલે હળવા બોલ, સ્વાસ ઉસ્વાસ ભરેછે.
જેટલાં ચિન્હ મરવા તણાં; દુખ દાવાનળ વાગતાં,
શરીર ઉપજે શામળ કહે, માગણ જનને માગતાં, ૨

પ્રશ્નોતર વિશય,

જાચક તરણાથી તુછ, મણીથી સદગુણ મોંઘો;
સદગુણથી શોભે સપુત, ગરીબ કુશકાથી સોંઘો;
કીરતી બરાસથી હેકેમ, દેહ ત કાજળથી કાળો;

સુભ લોહીથી કઠણ. અજ્ઞાની બાળકથી બાળો;
દુર વચન વીંછીની વેદના, મોષ્ટ વાણી સહુથી ગળી.
છે કલંક મેલું મેશથી, પહોંચે તેની મન રળી. ૧

તજ લંપટ જે ગોર, તજો નામી નીસંકી,
તજ તસકર જે તનુજ વાસ તજ વાટે વંકી.
તજ મુરખશું મેળ, તજો જુગટે જે રમવુ.
તજ ખોટાશું ખેલ તજો પરનાતે જમવું,
વળી તજવી ત્રીયા પારકી, તજવો મોટાશું મમત કર,
તજવી પણ હુંશ હરામની,શામળ કહે તજવો જુઠ નર. ૨

પરહર પ્રીય કરનાર, પરહરો નવ કુળ; શોભી
પરહર અટકણ અસ્વ, મીત્ર પરહરવો લોભી,
પરહર પુત્ર કપુત, પરહરો પુરૂષ કુસંભી,
પરહર વાસ કુવાસ, પરહરો દાસ કુઢંગી,
પરહર જે કારજ પુન્ય વીણ, પરહર ચાડી ચીતથી,
શામળ કહે પરહર પાપ મતી, પરહર નિંદ્યા નાતની. ૩

પરહર નીરજળ કુપ, ઝપટથી પરહર જારી;
પરહર શુભજ માન, વણજ વાણ વણજ વેપારી,
પરહર પ્રીત વીણ પુન્ય, ગંડુ પરહરવો મોટો,
પરહર પાડોશી ચાડ, હાકમ પરહર ખોટો,
પરહર જે વ્યાસ વરણાગીઓ, જે ચાળા ચેટક કરે,
કવી શામળભટ સાચુ કહે, માનતીઓનાં મન હરે. ૪

બાળ પરાણે પ્રીત, બાળ નીરધનનું જીવું,
બાળ કુબુધ્ધિ બુધ, બાળ ખારૂ જળ પીવુ;
બાળ સુભની સેવ, બાળ કપટીનુ નાણું;
બાળ સુગરીની ચાલ, બાળ બકરી દુઝાણું;
બાળ વસવું જે સાસરે, બાળ બનેવી ઝેર રહેવું;
શામળ કહે તે બુધ્ધી બાળજે, દરીર થઇ ડાહયાથવું,
બાળ જે પરસ્ત્રી પ્રીત, બાળ જે વાતો આઠી,

બાળ રાંડની રીત, બાળ ચોરીને ચાડી,
બાળ ભીખમાં ભોગ, બાળ જોર જુઠાનુ;
બાળ દેહમાં રોગ, બાળ મરવું ભુડાનું,
વળી બાળ જીવતર જે બાપડો, હીમત બાળ હરામની,
કવી શામળ કહે બાળજે. કલંકવાળી કામની

બાળ લંપટની લાજ, બાળ ખડ ધાન્ય ખાવું,
બાળ કુવાસે વાસ, બાળ દુશમન ઘેર જાવું,
બાળ સગાઇ સરૂ, બાળ વડાશુ વઢવું.
બાળ ગરીબ ઘર સુત્ર, બાળ લઢી ચોરે ચઢવું,
વળી બાળ ચાસનું છાપરૂ બાળ કામ વીણ બોલને,
શામળ ભટ સાચુ કહે, બાળ તરકટી તોલને. ૭

ન સોભે રાંડી રૂપ, ન શોભે વિપ્ર વીણ વિદ્યા,
ન શોભે સૈન્ય વણ ભુપ, ન શોભે સાધુ નંદ્યા,
ન સોભે આપ વખાણ, ન સોભે જોર જુડાનું,
ન સોભે નિરલજ નાર, ન શોભે રંકપર રૂડાનુ,
નશોભે દેવળ દેવ વીણ, ન શોભે ધરૂણી ઘર પખે,
કવી શામળ કહે સોભે નહી, ધન્ય જોરાવર જરપખે, ૮

ન ભે સ્ત્રી પાણ સેજ, ન શોભે ગુણ વીણ જ્ઞાતા,
ન સોભે શુર વીણ શહસ્ત્ર ન શોભે નર વીદાય ગાણુ,
ન સોભે ગજ વીણ સૈન્ય, ન શોભે સુમનુ નાણું,
ન સોભે રાત્રી શશી વીના, દ્રવ્ય ન સોભે દાન વીણ,
કવી શામળ કહે શોભે નહી, માનવી રૂડા માન વીણ,

ભુંડી ભામની તેડ, જેહ, પર નરશું વેધી;
ભુડો બ્રામણ તેહ, અતી લોભી કે એદી;
ભુડો સુર જન્નો, જેહુ બ્રહ્મગુને નંદે;
ભુડો જોગી જેહ જર વાળો વદે;
વળી ભુંડો વાણીક વીવેક પાણ, રાવ ભુડો રણથી ડરે;
શામળ કહે ભુંડો જે કવી, કરપાણ તણી કીરતી કરે. ૧૦

દાતા સુમને વેર, વેર કાયરને સુરે,
જોગી ભોગીને વેર, વેર પુરો અપુરો;
વેર સાચાને જુઠ, વેર ગુણકા સતીનો.
વેર અસુરને સુર, વેર જોગી જતીનો,
વેર પાખંડ પવીત્રને, વેર મુરખ પંડીત તણું.
વળી વેર ક્ષુધમ અધમનેને વેર એતો ભણું. ૧૧

સુરને વહાલું સહસ્ત્ર, વિપ્રને વહાલી વિદ્યા.
પવિત્રને વહાલું પુન્ય, નીચને વહાલી નિંદ્યા,
શાંતીને વહાલું સ્વપ્ન, રાજ વહાલું રાજાને.
પાપીને વહાલું પાપ, વહાલુ જર જન ઝાઝાને,
માગણ વહાલો દાતારને, કામનીને તો કામ છે.
સામળ સ્વારથ પ્રીય સરવને, રૂડા જનને રામ છે. ૧૨

ન્યાય શાહસ્ત્ર નવ રંગ, બીજુ વેદાંત વખાણુ.
ભીમાશા માહા મુખ્ય, જુગતી પાતાંજળી જાણું,
સાત શાસ્ત્રની સાખ્ય, ભલા જનને તેતો ભાળે.
વઇશક ગુણવાન સરવને સદશ અહાલે.
આટ શાસ્ત્ર કહ્યાં તે ખોજશો વીવેકપંતી તો થશો.

દુખ વિશે.

સુખે સંભાળે નાર, સુખે સણગારજ સુજે;
સુખે સંભારે સેજ, સુખે બહુ પાક્રમ બુજે;
સુખે સંભારે સ્વાદ, સુખે વાહન પર બેશ;
સુખે સુધ્ય વીવેક, સુખે સમરાવો કેહેશો;
સુખમાં અનેક શોભા ધરે, કરે કલ્પના કામની;
શામળ સુખમાં નવ સાંભળે, રટના શીતા રામની; ૧
દુખે સંભાળે માત, તાત વાલો વાહાલાની;
દુખે સંભાળે દેવ, કથી કનડ કલાની,
દુખે સંભારે ગ્રહ, જનમ પત્રી જોવરાવે,

દુખે સંભારે દાન, દયા પણ દીલમાં આણે,
જનમ દુખદાવાદળમાં પડે, ઠરે ન એક ઠામજી,
તે સંકટથી શામળ કહે, એક ઉગારે રામજી. ૨

દુખે જાય શુધ બુધ. દુખે ભણતર નવ ભાવે,
દુખે ડહાપણ દુર, દુખે કુડ કપટ કરાવે,
દુખ દેહમાં રોગ, તેજ તનનું તો જાશે,
દુખમાં લીલા લહેર, પલક નવ આવે પાંસે,
દુખ દાવાનળમાં દુખીઓ, જરીએ શાંતી નવ જડે,
હસવું નવ આવે હેતથી. ફળ મુખમાંથી કેમ જરે. ૩

સુખે સંભારે સરવ, વચન બહુ વીધનાં બુજે,
રમવું હસવું વીલાસ, સ્નેહની વાતો સુજે,
ભાંડ ભવઈના ભાવ, જાન જોણું ને જાતર,
ખટરસ ભોજન ખેલ, મહાસુખ માંહી માતર,
દુખ દાવાદળ આજે પડો, સુખ સરેવે એનું ગયું,
હસવું કેમ આવે હેતથી, પિંજર બળી પ્રાળે થયું. ૪

ઈશ્વરની કૃપા તથા કોપ વિશે.

દાવાદળમાં દેહ, પડે અગની આંચે,
પડે પાંણીને પુર, ચડયો વેરીની ચાંચે.
પાય કોઈ વિખ પાન, શસ્ત્ર મારે બહુ શીશ,
સોહજે કરડયો સાપ, યુધીર રાખે બહુ રીસ,
જોરાવર જુલમી જુલમથી, ચીપીએ તોડે ચામડી;
કવી શામળ કહે એવે સમે, રક્ષણ કરતા રામજી, ૧

દીકરો દેડે દામ, ખરચી જોબનમાં રાંડે,
જનમ કુંવારા જાય, પછી ઘડપણ ઘર માંડે,
બુડે નીરમાં નાવ, બને એવું કે બુડે,
ઘણી પકવે બહુ ધાન, આવી ગામોતર ગુડે,
મનના મનસુબા મન રહે, વીસારૂ વાએ જાય છે,

મન મમત ઘણો મુરખ કરે, કીરતારનું કર્યું થાય છે' ; ૨
રૂઠયો જ્યારે રામ, સગો નવ કરે સગાઇ,
રૂઠયા જ્યારે રામ, ભગની કહેસે નહીં ભાઇ,
રૂઠયો જ્યારે રામ, તનુંજ તીયાગે માબાપે,
રૂઠયો જ્યારે રામ અકલ સુઝે નહીં આપે,
રૂઠયો જેને શીર રામજી, ઊપાય બીજો નહીં કશો,
તો તરત છુટે બંધન થકી, શામળ રામ રૂદે વશો. ૩

પિતા કહે નહીં પુત્ર, મિત્ર ન કરે મિત્રાઇ,
મામો નહીં કહે ભાણેજ, નહી સસરો કહે જમાઇ,
નારી ન કહે નાવ, સગાની જાય સગાઇ,
જ્ઞાતી નકહે જ્ઞાત, પીત્રી ન કહે પિત્રાઇ,
વળી શતરૂં થાય સગા સહું, દેખાડે નહીં દામજી.
કવિ શામળ કહે સગપણ ગયું, રૂઠયો જ્યારે રામજી. ૪

જે બેસે સુખપાલ, ચરાણ આગવાણે ચાલે,
ન જુવે તડકો તાઢ, ફેજે દાવાદળ ઝાલે,
જે ઘેર લાખ કરોડ, વ્યાજ ભરંતા દીઠા,
છે એવી અકળ ગતી દઇવની, સુખે ત્યાં દુખ આવી અડે
શામળ કહે સઘળા માનવી, જયારે દુખ શીરપર ચઢે,

ડહાપણ ન આવે અરથ, અરથ ન આવે ચતુરાઇ
નહી અરથ મા બાપ, નહી ભગની કે ભાઇ,
અરથ ન આવે રૂપ, ન આવે સ્ત્રી પણ તેવી,
ન આવે ચંચ પ્રપંચ, દેવ કે ન આવે દેવી,
જ્યહુમ ઉઠયો રામજી, પુરૂ સંકટ આવી પડે,
તે સમે ધરમ પોતા તણો, કહે શામળ વાહારે ચઢે,

હિંમત વિશે.

કોઈ દીન અમરત અહાર, કોઇ દીન સુખી ભાજી
કોઇ દીન આગવાણે પાય, કોઇ દીન ચડવા વાજી
કોઇ દીન સુંદર શેજ, કોઇ દીન ભોંય પથારી,

કોઇ દીન વિવા હોય, કોઇ દીન દુખે રડવું
કોઇ દીન રળવું રોઝથી, કોઇ દીન ખોવા દામને,
શામળ કહે હિમત નવ હારીએ, સંભારીએ શી રામને,
હીમતે જીતે હોડ, હિમતથી દુશમન હારે.
હીમતથી નાશે ભુત, હીમતથી વાઘને મારે.
હીમતથી નાસે ચોર, હીમતથી રાય ન દંડે.
હીમતથી વેપાર, હીમતથી વેહીમા માંડે,
સુરા પુરા હીમત થકી, જપ તપ શાધન જે કરે.
હીમતથી જોર જસ જીતીને, શામળ સ્વરગે સંચરે ૨

હીમતથી દ્રપદી નાર, રાખી તો ચીર પુરાણા.
હીમતથી શીરા માત, રાખી તો દુષ્ટ ચોરાણા,
હીમત જો દમયંતી, રાખી તો નળને પામી,
હીમત રૂખમાણી રાણી, રાખી પુરણ પ્રભુ સ્વામી
હરી સમરી હીમત રાખવી, પરવત જેવડું દુખ પડે:
શામળ કહે છે શ્રી રામ તો, એવી ઘડીએ વારે ચડે. ૩

નાડે મુકે નહી મોત, કરમ નાઠે નવ તુટે;
નાઠે મુકે નહી રોગ, આવખુ વધે ન તુટે;
નાઠે ન મુકે પેટ, ભુખ નાઠે નવ ભાગે;
અહાર નીંદ્રા ભોગ, લખ્યુ કે આવે આગે;
સુખ દુખ વરૂધીને હાણ પણ, નાઠે કોઇ મુકે નહીં;
જેટલા લલાટમાં અક્ષર લખ્યા, શામળ કહે ભોગવવુ સહી ૪

સત્ય વિશે.

સત્ય રાખ્યું હરીચંદ્ર, નીચ ઘર પાણી ભરીયું;
સત્ય રાખ્યું બળીરાય, રાજ્ય પાતાળે કરીયુ.
સત્ય સુધનવા વીર, તેલ તાતે તન ધરીયું;
મીરાં રાખ્યું સત્ય, વિખનું અમરત કરીયું;
સત્ય રાખ્યું સતવાદીએ, આગળથી મહા દુખ મળ્યા;
શામળ કહે અંતે સત્ય રહ્યું, ફળ સુખનાં ઉતમ ફળ્યા.

સાચુ બોલે ચોર, છેક બંધનથી છુટે;
સાચુ બોલે જાર, રામ તેને નવ રૂઠે;
સાચુ બોલે સતરૂ, દંડ તેને નહી દેશે;
સાચુ બોલે શાહ, નામ તેનું નહીં લેશે;
છે સાચાને સુખ ઢુંકડું, સત્યનો સુરજ સાખીયો.
શામળ સાચો સુલક્ષણો, ભુપ ભલાએ ભાખીઓ. ૨

પાપી ન કરે પુન્ય, પ્રભુ પાખંડી નવ પુજે;
સત્યને ન ગમે જુઠ, અધરમી ધરમ ન બુજે;
થાય કપટનું ચપટ, કુળનું ખુળ જાણે;
સત્યજ તરે સદઇવ, રાંક કે મોટો રાણો;
સઊ સાચાથી સુખ પામશે, જુઠે રૂઠે રામજી;
કવિ શામળભટ સાચુ કહે, કરો ગમે તે કામજી. ૪

ગરજ વિશે.

ગરજે જાય વિદેશ, ગરજ શીર ભાર ઊપાડે;
ગરજે વાજાં વાય, ગરજ તલવાર વજાડે;
ગરજે ગુણ ગમાય, ગરજથી ધન પાણ ધીરે;
ગરજે મોંઘો માલ નાંખશે ઉંડે નીરે;
પામર જનને પીતા કહે, માહાજનને રહે મળી;
કવી શામળભટ સાચું કહે, ગરજ સાકરથી ગળી, ૧
ગરજે ગોથાં ખાય, ગરજથી સદગુણ લેછે;
ગરજે મરે રણ ઠામ, રામ પણ ગરજે કહે છે;
ગરજે કરે વેપાર, કરે ખેતી પાણ ખાંતે;
ગરજે ગુણકા નાર, ભોગવે ભંગી ભ્રાંતે;
ગરજ સમાન નથી ગળ્યું, ગરજે લોક લક્ષાણ લહે;
કવિ શામળ કહે વશ ગરજને, કવરાણને કાકો કહે;
ગરજે ગાંડા સાથ, જાય ડાહયો પાણ દાહાડી;
ગરજે નીચ ઘેર ઊંચ, દેજ લાખેણી લાડી;

ગરજે પંડીત રાય, મુરખની માને સેવા;
લક્ષપતી તજી લાજ, ગરીબ ઘેર જાઈ લેવા;
વળી ગરજે ઘરવટ ગણે ઘણો, ગરજે રેશ મુકી રહે;
કવિ શામળ કહે વશ ગરજને, કવરાગુને કાકો કહે. ૩
ગરજે ગુણકા નાર, જઈ નર આગળ નાચે;
ગરજે જોડે હાથ, ગરજ જાચક થઈ જાચે;
ગરજે ગુણીજન થાય, ગાય ગુણવંતા ગીત;
ગરજે શતરૂની સાથ, પરાણે માંડે પ્રીત;
નીરમાણું કે નાવડા, તે બુડે કે તારે;
કવિ સામળ કહે ગરજે સહુ, કુડુ કે રૂડુ કરે. ૪

વઈરાગ વિશે.

કોઈ ફરે નગન, કોઈ જડીયા લંગોટા;
કોઈ મુડાવે શિશ, કોઈ વાળે લંગોટા;
કોઈને ભગવો ભેખ, કોઈ સંગી કે સેલી;
ફરે ઘરો ઘર થોક, ન માયા કોઈએ મેલી;
કોઈ મંત્ર જંત્ર કામણ કરે, કરતાં દોરા ચીઠડા;
શામળ કહે સાચો સીધ, કોઈ દંભી લાખો દીઠડા. ૧
કોઈએ લીધો જોગ, ભટકતા ભુખે મરતા;
કોઈએ લીધો જોગ, હીંડે હીકમશુ દમતા;
કોઈએ લીધો જોગ, રોગ વઈરાગની ગરજે;
કોઈકે લીધા જોગ, દુકાળ પડે કે કરજે;
કોઈને માબાપે વેચીયા, કંઈક જર હીણ જોતે થયા;
શામળ કહે સીધ થઈ ગયા, બળતરાએ બાવા થયા. ૨
ટોપી ઘાલે તન, વેશ રાખે વેરાગી,
રામ રામ લે નામ, મધુગરી લાવે માગી;
કાન ફડા પણ કોઈ, જગત જાણીતા જંગમ;
પુજે પીર ફકીર, ચહે શામાનો સંગમ;

નવ પુગે પિત્રી પિંડ, પુસ્તકમાં લખ્યું નવ પળે;
શામળ કહે સઉ સમજી જુવો, મુનીજન સાચા કયાં મળે
ખટ દરશનમાં ખાડ, દશા દંભો દીલ દાખે;
પરમારથ નહીં પ્રીત, રીત રજોગુણની રાખે;
તીલક છાપ ને માળ, ભાલે ભભુતી ચોળે;
વિચારયું ઘણા ઉત્પાટ, વસ્ત્ર ગેરૂમાં બોળે;
કપટે શીર કેશ ધરે ઘણા, દંભે દાહાડી દીલ હરે;
કવી શામળ કહે સાચા વિના, કરત કરૂણુ કેમ કરે. ૪

પાપ પુન્ય વિશે.

પાપે પાપની બુધ, પાપ અતી દુખ આણે;
પાપે મિત્ર કુમિત્ર, પાપ જુગતી નવ જાણે;
પાપે કુળ કલંક, પાપથી પુન્ય પળાએ;
પાપે વટલે વંશ, પાપ સઉ અવગુણ ગાએ:
પાપે સુધરમ ધારે નહી, પાપ ભગાવે ભોગને;
શામળ કહે પાપે પામશે, રગત પીત સમ રોગને, ૧

પાપે પુજે પાખંડ, પાપી કુળ હીણ કહીજે;
પાપે સુખ વીછેદ, પાપથી કેદ રહીજે;
પાપે અંધ અપંગ, પાપથી દુરબળ દેહે,
પાપે અપજસ પુરણ, પાપે અવગુણ દેહે;
પાપ પરીબ્રહ્મ પીછયા નહી, પાપ ન જાણે જોગને; ૨
શામળ કહે કાળ એ પાપના, રગોરગ વેઠે રોગને.

પુન્યે નાસે પાપ, પ્રજા સુખ પુન્યે પામે,
પુન્યે પ્રસરે કીરત, વેદના પુન્યે વામે;
પુન્યે નહી ગ્રહ દોસ, પુન્યે ભગમાણ ભુસણ;
પુન્યે ઘેહરાં ડંડ, પુન્ય નીરબળ નીરદુસણ;
વળી પુન્ય થકી લક્ષમી મળે, પુન્યે પાપ બહુ બળે
શામળ કહે પુન્ય પ્રતાપથી, તાપ ત્રવીધ્ધા તનના ટળે.

છાનો કરડે નાગ, જોરથી જેહેર ચડેછે;
છાનું વાસે વેર, મોટી વીપત પડેછે;
છાનો કરડે વીંછુ, ચીતમાં લાગે ચટકે;
છાનો પાવક પડે અચાનક, લાગે ભટકો;
જે છાના પાપ જગત કરે, જરૂર તે દુખ ભોગવે'
પણ ચાંતામાં પુન્ય પ્રતાપથી, ભલા સકલ સુખ ભોગવે ૪

બત્રીસ પુતલીની વાતો વિશે.

ભાગ્યશાલી નુપ ભોજ, સીંહાસન ચરણ ધરેજે;
પુતલી બત્રીસ પુનીત, એક કીર કથા કરેછે;
પ્રથમ હરણની વાત, વીમતી બીજી આવેકે,
કથા કીશ્નએ કમળ, ચોથી સીંગુવની નેકે;
છે પચ ડંડની પાંચમી, છઠ્ઠી અબોલા રાણીએ;
સુભ નાપીકની તો સાતમી, શામળ જુગતે જાણીએ, ૧

આઠમી ધનવંત શેઠ, નવમીતો હંસની લઈએ;
દસમી ગરધ્રવસેન, કળસ, અગીઆરમી કહીએ;
વીક્રમ ચરીત્ર બાર, તેરમી સમુદ્ર વાટની;
ચઊદમો નઊકા નામ, પંદરમી મેના પોપટની;
સોળમાં ઘોડો કાષ્ટનો સતરમી પંખી તણી;
અરપા બાવાફુણ અઠારમી, શામળ મળી શોભાઘણી.૨
ઓગણીસમી ભાભોરામ, વળી વઈતાળની વીશે,
એકવીસમી પાન, કામધેનું બાવીસે;
તેવીસ ભદ્રા ભામની, ગોટકા ચોવીસ ગાજે;
જોગણી પચીસમી જાણ, છવી માધવાનળ છાજે;
લક્ષબુધી સતાવીસમાં, અઠાવી ચુક સરીકા;
આ ચરીત્ર ઓગણત્રીસશી, શામળ ત્રીપક્ષ તારીકા, ૪

ત્રીસમી ભરથરી ભુપ, એકત્રીશ રૂપા વંતીની;
બત્રીશ બુધનીધાત, એહમાં બુધી અનીતી;

વળી વઇતાળ પચીશી વરાણથી, અવસર જીત્યો;
શીશ ગુરૂ સંવાદ, સ્ત્રી જગતમાં જસ જીત્યો;
એક એક કથા કહી પુતળી, શોભા લઇ શ્વરગે ગઇ,
શામળ સતવાદી સમજીએ, નરપતી ભોજની સંથયો;

કરે કાયરને સુર, સુરને કાયર કરશે;
કરે શતરૂને મીત્ર, હીમત એવી એ ધરશે;
અજાણને તો જાણ, કરે પંડોતને પથર;
કરે સાચને જુઠા. જુડને કરે ખરેખર;
હાથીને હરણું કરે, શીયાળને શીંઘ સરખું,
શામળ કહે ચરીત્ર નારીનું, પંડીત રૂડે પારખું.

સ્વભાવ વિશે.

કેસર કીઆરા માંહ, બગાસ કસ્તુરી એકે;
પાછળ કનકની પાળ લક્ષમા મોતી લેકે;
ગંગા ગોમતી નીર ઝવેરે જડીઅલ ઝારી;
સોલ ધરી શણગાર, સીંચે નરપતની નારી,
એવી રીતે કદી ઉગીઓ, લસણ છોડ ગંગા ત્રઠે;
બદબોઇ ઉઠે બહુ ઘણી, પણ સામળ સ્વભાવ નવ મટે

જળ તરવાને તુંબ, અગની ઓલવવા નીર;
ભુખનું ઓસડ અન, બાલનું ઓસડ ખીર;
વાવનું ઓસડ અપવાસ, ગુમડે ડામજ દેવા;
તીવેક તો વશીકરણ, સરવ પ્રકારે શેવા;
ઓસડ છે એકે એકના કોડે કોડે કહુ કથી;
ભુંડા કે રૂડા સ્વભાવનું, સામળ કહે ઓસડનથી;
કોઇ સ્વભાવે તાતો, કોઇ સ્વભાવે ઉદાર;
કોઇ વરણવે વેદ, ભેદ કોઇ ભારે ભાણીઓ;
કો મુરખ મહીપત, કોઇ જ્ઞાનીમાં ગાણીઓ
કોઇ કરે બહુ પુન્ય, કોઇ કહેવાણા પાપી;

કોઇ સમજ્યા નહી સત્ય, કોઇએ જપમાળ જાપી;
કો સુખદાતા સંસારને કાઇ નીચ સઉને નડયો;
શામળ સ્વભાવ મલટાય નહી પ્રથમપડ્યો તેતો પડયે

ગુણકા તથા કામાતુર વિશે.

હરે પ્રીતથી ચીત, જગતમાં લાજ ગમાવે;
હરે વપુ ખલ વીત, નીચ થઇ શીશ નમાવે;
કુળમાં ચઢે કલંક; રોશથી રાજા લુટે;
મહેમાન મરજાદ, સત શીર લેહેરી ઉડે;
આ ભવમાં તોએવું બને, પરભવમાં નરકે પડે;
શામળ કહેદીલમાં દુરમતી ગુણકાશું મન કેમ અડે;
બાળ ગુણકાનું રૂપ' બાળ ગુણકાનું ગાવું
બાળ ગુણકાનુસુખ બાળ ગુણકાનું ખાવું;
બાળ ગુણકાનું તેજ, બાળગુણકાનું પીવુ;
બાળ ગુણકાની સમરૂધી બાળ ગુણકાનું જીવવું
વેશ્યા નામે કહેવિશ્વમાં ગુણહીણામાં ગુણ કીઓ;
જે દેહ ઉઘાડી દાખવે, બુધીવંત તેથી બીઓ: ૨
બાળ વાણજ વેપાર નીત્ય પરવશ જે દુખીઓ;
બાળ શીપાઇ શુર, શીર વેચે થઇ સુખીઓ;
બાળ વહાણ વિદેશ જળે જર ખરચી પેસે;
બાળ બજાણા વેસ, વાંસ ઉપર ચઢી બેસે;
વળી બાળ જીવત જાચક તણું, નીતયે નીચને જાચવુ
શામળ બાળો ગુણપણુ, રીધી દેખી નવ રાચવુ. ૩
કામી ન જુવે કરમ, કામી જન મરે કે મારે,
કામીને શી શરમ, કામી જનધરમન ધારે;
કામીને ન સુજે કામ, શાસ્ત્રની વાત ન સુજે;
કામી નવ ભજે રાંમ, બુધી એકે નવ બુજે:
મોટી અવગુણ કામી તણા, ધરમ મારગે નવ ધશો.
અવજસ જે અવની વીશે, કામાતુરને તન વશો, ૪

કાં રાજા કાં રંક, કોણ નર કે કોણ નારી;
કામાતુર કલંક, હોડ હીંમત જાય હારી:
પ્રથવી જે માપ, રોગ ક્ષય આદીક દેહે;
ત્રીલોકમાં પરીતાપ, નકી પરનારી નેહે;
લાખો વીંછીની વેદના, દીવાના દંડમાં;
શામળ કહે પ્રીત રખે કરો. પર અસ્ત્રી પંડમાં, ૫

નીરભાગી વિશે.

નીરભાગી જાએ ગંગા, કષ્ટ પામે કુટાએ;
જો તે રળવા જાય, લાભ સુધાં લુટાએ;
અભાગીઓ પરણે, નાર, જાય નાસરી કે મરશે;
અભાગીઓ પામે ગરથ, ચોર કે હાકેમ હરશે.
નીરભાગી બેસે ગોડલે, પડશે કે પગ ભાગશે;
નીરભાગીને મંદીર મળે, પડશે કે દવ લાગશે. ૧
અભાગીઓ જમવા જાય, રહે ભુખ્યો કે વાશી;
વદે સરસ જો વાત, લોક કરશે સઉ હાંશી:
અભાગીઓ ડાહ્યો થાય ઘણા જન તડાં કહે ઘેલો;
જો નવ બોલે બોલ, કહે, હઈયાનો મેલો;
સઉ કરમ હીણ કુટાય છે, ગરથ વનાનો ટુટકો;
શામળ કહે નીરભાગીનો કશી વાતે નહી છુટકો. ૨

કણબી વિસે

શેઠ હોકે શ્રીમંત, હોડ કણબીથી હારે;
કણબી જેવો કોઈ, ધરમ રૂડો નવ ધારે;
ઘણાક કોટી ધ્વજ હોય, તોય ગણસે લખો લેખું.
દુરબળ કણબી દાતાર, ડાહ્યા કે ઘેલા દેખું.
જે જાણ હશે તે જાણશે, અભીમાન મદ આણશે;
શામળ શોભા આ તણી, માગણ મોજે માગશે,
કણબી જેવો કોઈ, ન દીઠો મનનો મેહેરી;
અઢળક આવે જાય, અહો નીશ સાંજ સવારે;

સુપડે આંખુ ભરત, ખાય ખરૂં ને ખેલે;
પરભોગી પર કાજ, રાંધી ખરચે રંગ તે લે,
ભોળો કાણબી ભુમંડ લે, દેતાં પાછુ નવ જુવે;
શાંમળ કહે બીજા બાપડા રીધી ખરચા કે રૂવે. ૨
મળે કાણબી જો કોઇ, જાચકો તેને જાચે;
બોજો હોય બળવંત, રખે કેઇ તેને રાચે;
ન કહે કાણબી નકાર, સરમમાં એ શરમાશે;
જો કદી નકી અપાય, તો કાયા કરમાશે;
બીજાની પેરે બાળ, કદી ના તો તે નહીં કહે;
શામળ કહે ભુનો ભારતો, ધોરી કે કણબી વહે. ૩
પ્રથમ શ્રેષ્ઠ શ્રીમંત કોટી શ્રષ્ટી કરનારો;
પછી મોહોટો મહીપત, ધરમ ધરતી ધરનારો;
પછી છત્રપતી છેજ, માનવો મહીમા મોહોટો.
પછી મોટો જર પત્ય, છાયવણનો તે ચોટો
સઘળાની વેહેલારતી, થકી હળપતી બળીઆ બહુ;
હળપતી કેડે જળપતી, જગત શામળ કેહે શોભે સહુ, ૪

ચતુરાઈ વિશે.

ચતુર લોકનું ચીત, જગતમાં કોઇ નવ જાણે;
ચતુર ન ચીંતા ધરે, મોજ આણંદ માંણે
ચતુર લોકમાં વણજ, જાણાય નહી લેવું દેવું,
ચતુર લોકમાં પુન્ય, ગુપત કોઇને નહી કેહેવું.
વળી ચતુર લોકનો પાર, તે કોઇ પંડીતે નવ પારખો;
મુરખની મુળ જાણે સહુ તે શામળ ભટ સારખો ૧
શાંકાથી કર ચાંચ, વેગળે વાટે થાવું;
અસ્વ થકી કર આઠ, અજાંણાને ચાહ્યા જાવું
ગજ થકી ગજશત પાંચ આંચનો જન અધીકારી;
શીંઘ થકી કર શહસ્ત્ર અહીથી એજ વીચારી,
પણ ચોર થકી સો ગામડાં, તજ ચુગલ થકી તો ગામ સો
કરી દેગ ત્યાગ દુરજન થકી, શામળ કેહે શાળા વસો ૨

શતરૂ વિશે,

જાય શતરૂનાં સાથ રૂદમાં તે તો રૂવે;
જાય શતરૂ શરણ, ખરેખરો જીવજ ખુવે;
જો દખાડે ઠામ, ઠામ ઠેકાણું જાસે;
શતરૂનો વીશ્વાસ, કરે તે ગોદા ખાસે;
આણજાણ્યાને જે ગુણ કરે, દયા ધરે કે દહમાં.
શામળ કહે દુખ વાંછશે, નરઅજાણું નેહમાં. ૧

કપુત કહીએ તેહ, બહુ પરીઆને બોળે;
કપુત કહીએ તેહ, ધરમ ધારાણ નવ તોળે,
કપુત કહીએ તેહ, રંક જનને રંજાડે;
કપુત કહીએ તેહ, ભવન જાજા ભંજાડે;
એવા તો કપુત અનેક છે, અહંકાર ધરે આપનો;
શામળ કહે શઊંથી કપુત, જે બોલ ઉથાપે બાપનો, ૨

સપુત નામ સરદાર, કોઇ ઉપર નવ કોપે;
સપુત નામ સરદાર, પીતાનું વચન નવ લોપે;
સપુત નામ સરદાર, ગયા સરાધ જે શારે;
સપુત નામ સરદાર, હોય શતરૂ પણ હારે;
વળી સપુત નામ સરદાર તે કુટુંબનું પોષણ કરે;
શામળ કહે સપૂત સલક્ષણા, માત પીતા તેનાં ઠરે, ૩

શામળની શમશાના છપ્પા.

સપુત તણુ છે નામ, સભામાં શોભે શોહેલો;
રજની કેરૂ રૂપ, પુજન શીવ કરતાં પેહેલો;
નેહ કરે નરનાર, દેહ શુભ આપે દાએ;
તસકરને મન તાપ, ભલા જનતો શુભ ભાખે;
તે નરના તનથી નીપજે, કરૂપ કહે છે કામની;
શામલ કહે સ્વામી લાવસોતો ભજસે શુભ ભામની, ૧
ચંદ્ર બિંબ આકાર, નામ બે અક્ષર નારી;
ચુડો સ્ત્રી શુભ શણગાર બહુ નેણની બલીહારી,

મુખ ચંદન મહા રૂપ. અનુપમ દીસે દેહે,
તેથી સોભે નાર, કાન સુણી નર નેહે:
લક્ષમી ખરચ્યાં લાવજો, એ વાણ અઢવુ દીસસે,
શામળ કહે શામા જોજે, તેથી હઇડુ હીસશે.

ઝાલ.

એક રાયને ઘેર, ઘણાં હાથીને ઘોડા;
ઊંટ હતાં અનેક, બીજા તે સાથી મજોડા;
હાથી આઢીમાણ ખાય, ડોઢ માણ ઊંટ ગણી જે;
પાંચ શેર કણ અરવ, ગણીતની એહ ગણીજે;
સોમણ દાણા નીત વરે, શોભાવે તે સાથીઆ;
કહે ઊંટ અસ્વ કેટલા, શામળ કેટલા હાથીઆ ૩

ચઉદ ચરણ પરતક્ષ, આપ ચાલે પગ આઠે ;
બાર હાથ બળવંત, પાંચ મસ્તક થીર ઠાઠે;
વસ્ત્ર ભુશણ વાન, રાજ દરબારે રહેછે.
નારી જાત નવરંગ, વપુ પર ભાંર વહેછે;
તે પુન્ય વીના નવ પામીએ, પચીસ સહસ્ત્ર નીમછે
શામળ કહે સોધી જુવો, સઊને રૂદય રામછે. ૪

પાલખી.

નીચ ધરેછે નાર, દેશ બાધામાં દાખે;
મુખની મોટી જીભ, રીજથી બહાર રાખે.
નહી હાથ નહી પગ, શીશ વીના મુખ બોલે;
ફરે ચત્ર ચીસ. જીભે કણ અધીક અતોલે;
ઘરધણી તો ગોતો ગાય છે, પવિત્ર નર પુઠે ફરે;
સામળ કહે એહું તેહનું, મોટા જન મસ્તક ધરે.

ઘાંણી.

ચતુર નરનું ચેત, એક અચરત મેં દીઠું,
સુંદર રૂપ સ્વરૂપ, અધીક અમરતથી મીઠું.
કાયા ઉપર હાડ, હાડપર વાણ ભણીજે,
વાળ ઊપરછે રૂધીર, સુગુણ તેના ગણીજે,

ખરી તે ઉપરતો ખાલછે. ખાલ ઊપર વાળજ નથી,
વળી મુખમાંથી અમરત ઝરે, શામળ કહે કહો કયાં, ૬
ફેરી.

શીશ વીનાની નાર, નાર મોટું સુખ માણે;
જો રીંગાનો જે ભક્ષ, નીતે ઝાઝુંજ જાણે ર;
પલક ન રાખે પેટ વળી ઊઠે વળી બેસે,
પાતળુ થઇને પેટ, તેહ પ્રથવીમાં પેસે.
વાંકા કરાગ્રને વશ કરે, બળતાને બાળે ઘણું.
સમસ્યાને કેડે તો સહલછે, શામળ કહે બોલો બહુ. ૭
ધમણ.

સમાપ્તઃ



સૂચના.

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે અમદાવાદમાં "સમશેર બાહાદુર" છાપખાનામાંથી સરવે જાતની વારતાની ચોપડીયો, તથા કાયદાનાં પુરતકો, તથા જૈનધર્મનાં, તથા ઘણી જાતનાં રસિલાં નાટકો તથા ઓપેરા વિગરે ઘણી જાતનાં પુસ્તકો શુદ્ધ અને સારી છાપનાં છાપેલાં કીફાયત ભાવે મળશે. જોઇએ તેમણે નિચેના સર નામે લખી જણાવવું. નાટપેટ પત્ર લીધામાં નહીં આવે.

સવાઈભાઈ રાયચંદ,

સમશેર બાહાદુરના માલેક.